સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com, Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

વર્ષ : ૪૮ અંક : ૪૯ જૂનાગઢ તા.૦૯-૦૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 49, Junagadh : Date : 09 February, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



# ઉત્તરાખંડનાં હલ્દવાનીમાં હિંસાની હોળી : ૬નાં મોત : શૂટ એટ સાઈટનાં આદેશો



હલ્દવાની તા.૯

હલ્દવાનીના બનભુલપરામાં સરકારી જમીન પર ખડકાયેલા મદ્રેસા પર બુલડોઝર ફેરવી દેવાતા ફાટી નીકળેલા તોફાનો બેકાબ બની જતાં પથ્થરમારો, આગજની, ગોળીબાર જેવી સ્ફોટક ઘટનાઓમાં ૬ લોકોના મોત નિપજયા છે. કરફયુ વચ્ચે તોફાનીઓને દેખો ત્યાં ઠારના આદેશો સાથે રાજયભરમાંથી વધારાની પોલીસ ફોર્સઉતારવામાં આવી છે.

હલ્દવાનીમાં ગેરકાયદે ધાર્મિક દબાણ દુર કરવાની કાર્યવાહી દરમ્યાન આ ભડકો થયો હતો. પર્યાપ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સરકારી જમીન પરના મદ્રેસા-મસ્જીદ હટાવવાની કામગીરી વખતે ઓચિંતો મામલો બીજા ક્રમે હતો. આજે જોતજોતામાં સ્ફોટક રૂપ પકડાઈ ગયુ હતું. મકાનોની છતો પરથી તોફાનીઓએ દબાણ હટાવી ટીમ પર બેફામ પથ્થરમારો શરૂ કરતા નાસભાગ મચી ગઈ હતી. આ તકે તોફાનીઓને પકડવા પોલીસ એકશનમાં આવી હતી. કેટલાંકને અટકાયતમાં લેતા ટોળુ વધુ ઉશ્કેરાયું હતું. પોલીસ પર હુમલો શરૂ કરવા સાથે પોલીસ સ્ટેશન પર હુમલો કરીને તોફાનીઓને છોડાવી ગયુ હતું.

હલ્દવાનીમાં જોતજોતામાં સ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ હતી. પથ્થરમારો-વાહનોને આગજની સહિતના ઘટનાક્રમો સર્જાતા તંત્ર સ્તબ્ધ બની ગયુ હતું. તોફાનીઓએ ૭૦થી વધુ વાહનોમાં તોડફોડ કરીને આગ લગાવી દીધી હતી. બનભુલપુરાનુ પોલીસ સ્ટેશન પણ સળગાવી દીધુ હતું. તોફાનો બેકાબુ બનવાને પગલે અને તેઓના ઘેરામાંથી છુટવા માટે પોલીસે ગોળીબારનો આશરો લીધો હતો. ૩૫૦ રાઉન્ડથી વધુ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

જીલ્લા કલેકટર વંદનાએ કહ્યું કે પુરતી સુરક્ષા તૈયારી સાથે ડીમોલીશન કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ જે રીતે હુમલો થયો તે જોતા પુર્વયોજીત ષડયંત્ર હોવાની આશંકા છે. તોફાનીઓએ પથ્થરમારો કર્યો હતો. ઉપરાંત પેટ્રોલબોંબ ઝીંકયા હતા અને ખાનગી ગોળીબાર પણ કર્યો હતો જેની ધારણા ન હતી.

જીલ્લા પોલીસ વડા પ્રહલાદ નારાયણ મીણાએ કહ્યું કે હાલત બેકાબુ બનતા તત્કાળ આસપાસના જીલ્લાઓમાંથી વધારાનો પોલીસ કાફલો બોલાવી લેવામાં આવ્યો હતો અને સમગ્ર શહેરમાં કરફયુ લાગુ કરવા સાથે તોફાનીઓને દેખો ત્યાં ઠારના આદેશ આપવામાં આવ્યા હતા. આખી રાત તોફાનો-હિંસાના દોર વચ્ચે વિવિધ ઘટનાઓમાં ૬ લોકોના મોત નિપજયા હતા તેમાં પિતા-પુત્રનો પણ સમાવેશ થાય છે. ૧૦૦ સુરક્ષા જવાનો સહિત સેંકડો લોકો ઘાયલ થયા હતા. પરીસ્થિતિને કાબુમાં લેવા તથા શાંતિ સ્થાપવાના પ્રયાસરૂપે મુખ્યમંત્રી ધામી દ્વારા ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. તોફાનો વાહન રોકવા માટે ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી.

# પાકિસ્તાનમાં ગઈકાલે યોજાયેલ ચૂંટણીની મતગણતરીમાં ભારે ગોલમાલનાં આક્ષેપો : નવાઝને બચાવવા સૈન્ય અને ચૂંટણીપંચનું કાવતરૂ



ઈસ્લામાબાદ તા. ૯

પાકિસ્તાનમાં ગઈકાલે યોજાયેલી સામાન્ય ચૂંટણી અને ચાર પ્રાંતિય ધારાસભાઓની ચૂંટણીમાં મત ગણતરી પુર્ણ થઈ ગયા હોવા છતાં પાકિસ્તાનનાં ચૂંટણીપંચ દ્વારા પરીણામ જાહેર કરવામાં નહી આવતા ભારે ગોલમાલ કરવામાં આવી રહી હોવાનાં આક્ષેપો થઈ રહયા છે. પાકિસ્તાનનાં ભૂતપૂર્વ વડાપ્રધાન અને હાલમાં જેલમાં રહેલા ઈમરાનખાનની પીટીઆઈ પાર્ટી સમર્થિત અપક્ષ ઉમેદવારો મોટી સંખ્યામાં જીત્યા હોવાની વિગતો બહાર આવી છે જયારે નવાઝ શરીફની પાર્ટી પાકિસ્તાન મુસ્લીમ લીગનાં ઉમેદવારો હાર તરફ આગળ વધી રહયા છે. આધારભુત અહેવાલો મુજબ પાકિસ્તાનમાં ઈમરાન ખાન સમર્થીત ઉમેદવારો બહુમતી તરફ આગળ વધી રહયા હોવાનું જણાય રહયું છે. પરંતુ સૈન્ય - ચૂંટણીપંચ અને નવાઝ શરીફની પાર્ટી દ્વારા ભારે ગોલમાલ કરવામાં આવી રહી હોવાનાં આક્ષેપો થયા છે. પાકિસ્તાનમાં ભારે અંધાધુંધી અને અરજકતાનું વાતાવરણ છે.

પાકિસ્તાનના ત્રણ વખતના વડાપ્રધાન અને પીએમએલ-એનના સુપ્રીમો નવાઝ શરીફ એક બેઠક પર ચૂંટણી હારી ગયા છે જયારે એક બેઠક પર ચૂંટણી જીતી ગયા છે. પાછળ ચાલી રહ્યા છે. જોકે, તેમના ભાઈ શહેબાઝ શરીફ અને પુત્રી મરિયમ નવાઝે જીત નોંધાવી છે. તાજેતરના વલણો અનુસાર, ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ આગળ છે. પણ બાદમાં બંને પક્ષો લગોલગ થઈ ગયા છે. નવાઝની પીએમએલ-એન બીજા સ્થાને અને બિલાવલ ભુટ્ટોની પીપીપી ત્રીજા સ્થાને છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે નવાઝ શરીફ પાકિસ્તાનના આગામી વડા પ્રધાન બનવું નિશ્ચિત છે, કારણ કે પાકિસ્તાની સેનાએ તેમને ખુલ્લેઆમ સમર્થન આપ્યું હતું. હવે ટ્રેન્ડ મુજબ પાક આર્મી ચીફ જનરલ અસીમ મુનીરનો પ્લાન નિષ્ફળ જતો જોવા મળી રહ્યો છે. કુલ ૧૩ બેઠકના પરિણામ મળ્યા છે જેમાં પાંચ બેઠક પર પીટીઆઈ તો ૪ બેઠક પર નવાઝનો પક્ષ આગળ છે.

# એક સાથે ત્રણ મહાનુભાવો ચૌધરી ચરણસિંહ, નરસિંમ્હા રાવ અને ડો. સ્વામીનાથનને ભારત રત્ન

## અગાઉ કર્પુરી ઠાકુર અને એલ. કે. અડવાણીને ભારત રત્ન સન્માન આપવાની જાહેરાત કરાઈ હતી



નવી દિલ્હી તા. ૯

વડાપ્રધાન મોદીએ આજે વધુ એક મહત્વની જાહેરાત કરતા દેશનાં ત્રણ મહાનુભાવો ચૌધરી ચરણસિંહ, પી.વી. નરસિમ્હારાવ, કૃષિ વૈજ્ઞાનિક ડો. એમ.એસ. સ્વામીનાથનને ભારત રત્ન આપવાની જાહેરાત કરી છે. આમ એક સાથે ત્રણ મહાનુભાવોને ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી છે. અગાઉ મોદી સરકારે બિહારનાં તત્કાલીન દિગ્ગજ નેતા અને સમાજ સુધારક કર્પુરી ઠાકુર અને એલ. કે. અડવાણીને ભારત રત્ન આપવાની જાહેરાત કરી હતી. આશ્ચર્યની વાત એ છે કે, પી.વી. નરસિમ્હા રાવ કોંગ્રેસનાં ભૂતપુર્વ વડાપ્રધાન રહી ચુકયા છે. પરંતુ આધુનિક ભારતનાં નિર્માણમાં નરસિમ્હારાવનાં યોગદાનને ધ્યાનમાં રાખીને આ બહુમાન આપવામાં આવ્યું છે. જયારે ચોધરી ચરણસિંહ ઈમરજન્સી વખતે અડગ ઉભા રહયા હતા અને ભારે લડત ચલાવી હતી તેમજ ખાસ કરીને તેઓ કિસાનોનાં મસિહા તરીકે જાણીતા હતા અને તેમણે કિસાનો માટે જીવન સમર્પિત કરી દીધું હતું. જયારે કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનને પણ ભારત રત્ન આપવામાં આવેલ છે. એમ.એસ. સ્વામીનાથનનું કૃષિ ક્ષેત્રે યોગદાન અમૂલ્ય રહયું છે. આમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણ મહાનુભાવોને ભારત રત્ન આપવાની જાહેરાત કરી છે.

# માર્ચનાં બીજા સપ્તાહમાં લોકસભાની ચૂંટણી તારીખો જાહેર થઈ જશે : ચૂંટણીપંચ દ્વારા તડામાર તૈયારી

નવી દિલ્હી, તા.૯ઃ લોકસભા ચૂંટણી ૨૦૨૪ની જાહેરાત થવા આડે હવે માત્ર એક મહિનાનો સમય બાકી છે. ચૂંટણી પંચની ટીમોએ આંધ્રપ્રદેશની મુલાકાત લીધી છે અને ત્યાંની ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરી છે. હવે આયોગની ટીમ ૨૦ ફેબ્રુઆરીએ બિહારની મુલાકાત લેશે અને તે પહેલા ટીમ ૧૫ ફેબ્રુઆરીએ ઓરીસ્સા પહોંચશે. આ ટીમમાં મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર સહિત ૮ અધિકારીઓ સામેલ હશે. અત્યાર સુધીની પ્રાપ્ત માહિતી અનુસાર, કમિશનની ટીમો માર્ચના પ્રથમ સપ્તાહ સુધીમાં તમામ રાજ્યોમાં તૈયારીઓનું પરીક્ષણ કરશે. ત્યાર બાદ માર્ચના બીજા સપ્તાહમાં જ ચૂંટણીની જાહેરાત કરવામાં આવશે. જાહેરાતના ઓછામાં ઓછા ૨૮ દિવસ પછી જ ચૂંટણીઓ શરૂ થઈ શકે છે. આ રીતે પ્રથમ તબક્કાનું મતદાન પણ એપ્રિલના બીજા સપ્તાહ સુધીમાં થવાની સંભાવના છે. આ સમગ્ર ચૂંટણી કેલેન્ડર ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓ જેવું જ હશે, જ્યારે ચૂંટણી પંચે ૧૦ માર્ચે ચૂંટણીની જાહેરાત કરી હતી અને પ્રક્રિયા ૨૪ મેના રોજ સમાપ્ત થઈ હતી. ચૂંટણી પંચની ટીમો રાજ્યોમાં જાય છે અને સુરક્ષા વ્યવસ્થા સહિત અનેક પાસાઓની સમીક્ષા કરે છે. તે પછી, જ્યારે તૈયારીઓનું પરીક્ષણ કરવામાં આવે છે, ત્યારે પ્રક્રિયા શરૂ કરવાની તૈયારી કરવામાં આવે છે.

આયોગે સૌપ્રથમ ૧૦ અને ૧૧ જાન્યુઆરીએ આંધ્રપ્રદેશની મુલાકાત લીધી હતી. હવે ઓડિશામાં ૧૫ થી ૧૭મી સુધીનો પ્લાન છે. આ બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાવાની છે. આવી સ્થિતિમાં વધુ તૈયારીઓ કરવી પડશે. ઓરીસ્સા બાદ ટીમ બિહાર પહોંચશે. ત્યાર બાદ તમિલનાડુની યોજના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ મહિનાના અંત સુધીમાં યુપી અને બંગાળનો પ્રવાસ પણ થશે. આ ટીમ જમ્મુ-કાશ્મીર પણ જશે અને ત્યાંની વિધાનસભા ચૂંટણીની વ્યવસ્થાની પણ તપાસ કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે એકવાર ગૃહ મંત્રાલય તરફથી સુરક્ષા વગેરે પર મંજૂરી મળી જાય તો ત્યાં વિધાનસભાની ચૂંટણી પણ થઈ શકે છે.

# જામનગર સ્થિત મોટી ખાવડીનાં રીલાયન્સ મોલમાં લાગેલી વિકરાળ આગ સવાર સુધી બેકાબુ : અફરાતફરીનો માહોલ

જામનગર, તા. ૯

જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં આવેલા રિલાયન્સ મોલમાં ગત રાત્રિના ૧૧.૦૦ વાગ્યાના અરસામાં કોઈ કારણસર આગ લાગી હતી, અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેને લઈને ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો આગ બુઝાવવાનો પ્રયાસો સવારે પણ ચાલુ છે.

જામનગર જિલ્લા કલેકટરને આગજનીની ઘટનાની જાણ થવાથી તેમણે તુરત જ સિક્કા ટીપીએસ કોલોની, જી.એસએફસી, જામનગર મહાનગરપાલિકાની રાજકોટ મહાનગરપાલિકાના, કાલાવડ,ધ્રોલ,સિક્કા દ્વારકા ફાયર ની ટિમ સહિતના ફાયર ફાઈટરને દોડતા કરાવવા માટેની સૂચના આપતાં તમામ ફાયર ફાઈટરો આગના સ્થળે દોડ્યા હતા, અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

આ લખાય છે ત્યારે આગની જ્વાળાઓ હજુ ચાલુ હતી, અને તમામ ફાયર તંત્ર દ્વારા આગને બુજાવવાના અનેક પ્રયાસો થઈ રહ્યા છે. મોટી ખાવડી મેઈન રોડ પર જ આવેલા મોલમાં આગની ઘટના બન્યા પછી આગ ની જ્વાળાઓ દૂર સુધી દેખાઈ હોવાથી ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો, અને આસપાસના વિસ્તારમાં પાર્ક કરાયેલા વાહનોને પણ ત્યાંથી દૂર કરી દેવાયા હતા.

મેઘપર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તાત્કાલિક અસરથી સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવાયો હતો. જિલ્લાનું અન્ય પોલીસ તંત્ર પણ દોડતું થયું છે. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, અને આગને કાબુમાં લેવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે.

મોટી ખાવડી વિસ્તારમાં આવેલા રિલાયન્સ મોલમાં રાત્રિના સમયે આગની ઘટના બન્યા પછી કોઈ જાનહાનીના અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા મેડિકલની ટીમને એલર્ટ કરવામાં આવી છે. જેમાં સૌપ્રથમ મોટીખાવડી અને આસપાસની વિસ્તારની ચાર ૧૦૮ એમ્બ્યુલન્સને રિલાયન્સ મોલની બહાર સ્ટેન્ડબાયમાં મૂકી દેવામાં આવી છે.

# કોંગ્રેસનાં દિગ્ગજ નેતા કમલનાથનાં ભાજપમાં જોડાઈ જવાની ભારે ચર્ચા

ભોપાલ, તા.૯ઃ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો.મોહન યાદવ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથ ફરી એકવાર મળ્યા હતા. અચાનક મળેલી બેઠક પરથી અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે મુખ્યમંત્રી ડો.મોહન યાદવને મળ્યા અને સાંજે છિંદવાડા કલેક્ટરને હટાવ્યા. કલેકટરની અચાનક બદલીને પણ આ બેઠક સાથે જોડવામાં આવી રહી છે. શૈલેન્દ્ર સિંહને છિંદવાડા કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે છેલ્લા એક મહિનામાં કમલનાથ ત્રણથી વધુ વખત મુખ્યમંત્રી મોહન યાદવને મળ્યા છે. એક વખત મુખ્યમંત્રી પોતે કમલનાથને તેમના બંગલે મળવા ગયા હતા. મુખ્યમંત્રી ડો.મોહન યાદવને મળ્યા બાદ પૂર્વ સીએમ કમલનાથે કહ્યું કે તેઓ છિંદવાડા વિશે વાત કરવા આવ્યા હતા. હું છિંદવાડા સરહદની બહાર વાત કરતો નથી. લોકસભા ચૂંટણી સંબંધિત એક સવાલ પર તેમણે કહ્યું કે હું માત્ર ત્યાંના વિકાસની વાત કરવા ગયો હતો. તે સાથે જ કોંગ્રેસમાં હલચલ વધી ગઈ છે.

## ચીનની રીયલ એસ્ટેટ કંપનીએ અદભુત ઓફર આપી

# ઘર ખરીદો, ઘરવાળી ફ્રી....

નવી દિલ્હી,તા.૯ઃ ઘર ખરીદીને લઈને રિયલ એસ્ટેટ કંપની ઘણા પ્રકારની ઓફર લઈને આવે છે. આમાં ભારે ડિસ્કાઉન્ટ અને મફત રજિસ્ટ્રી સહિત ઘણા લાભ મળે છે. પરંતુ, આ દિવસોમાં એક ઓફર પૂરી દુનિયામાં ચર્ચાનો વિષય બની ગઈ છે. ઓફર હતી, 'ઘર ખરીદો અને મફત પત્ની મેળવો'. આ જાહેરાત વાયરલ થયા બાદ કંપનીને સખત ઠપકો આપવામાં આવ્યો છે. વાસ્તવમાં આ ઓફર ચીનમાં એક રિયલ એસ્ટેટ કંપનીએ આપી હતી. ચીનના પ્રોપર્ટી માર્કેટ આ દિવસોમાં ઘણા ખરાબ સમયથી પસાર થઈ રહ્યા છે. એટલા માટે મકાનોનું વેચાણ વધારવા માટે ચીનની એક રિયલ એસ્ટેટ કંપનીએ આ ઓફર આપી હતી.

ચીનની સૌથી મોટી રિયલ એસ્ટેટ કંપની Evergrande નાદાર થઈ ચૂકી છે. તેની અસર ચીનના પ્રોપર્ટી માર્કેટ અને અન્ય કંપનીઓ પર પણ પડ્યો છે. આ સંકટની વચ્ચે એક અન્ય રિયલ એસ્ટેટ કંપનીએ પણ પોતાને નાદાર જાહેર કરી છે. રિયલ એસ્ટેટ માર્કેટમાં ચાલી રહેલા આ સંકેટના કારણે ચીનના ૪ મોટા શહેરોમાં ઘરોની કિંમત ૧૧થી ૧૪ ટકા સુધી ઘટી ગઈ છે. સાથે જ નવા ઘરોના વેચાણમાં ૬ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે.

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ
ફોનઃ૦૨૮૫-૨૬૨૨૧૬૭/૨૬૨૨૧૭૬ ફેકસ૦૨૮૫-૨૬૫૭૬૯૫
www.pgvcl.com. & http://guj-epd.gov.in

નિવિદા-૨૮૦/૨૦૨૪

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ હેઠળ આવતી વિભાગીય કચેરીઓનાં જુદા-જુદા કામો, માલસામાન ખરીદી માટે સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી ભાવો મંગાવવામાં આવે છે. ઉપરોકત વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ www.pgvcl.com અને ઓનલાઈન ટેન્ડર www.nprocure.com ઉપરથી મળી શકશે તથા વિભાગીય કચેરીનાં નોટીસ બોર્ડ ઉપરથી મળી શકશે.

ટોલ ફ્રી નં.૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ અને ૧૯૧૨૨ અધિક્ષક ઈજનેર (સં.નિ.)
ઉર્જા બચાવો, પોતાના તથા રાષ્ટ્રનાં હિત માટે જૂનાગઢ

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

:: જાહેર નિવિદા ::

શ્રી સમસ્ત સતવારા સમાજ જૂનાગઢ ખાતેના ભવન ઉપર છત ઉપર પાણી લીકેજ થતુ હોય તેમાં ચાઈના મોજેકની કામગીરી (સાઈડ કટીંગ) કરવાની હોય અંદાજે ૧૭૦૦ મીટર ૫૫૨૫ ફુટની કામગીરી કરવાની થાય છે. તે માટે રસ ધરાવતી પાર્ટીએ શીલ બંધ કવરમાં નીચેની શરતોને આધીન ભાવો મંગાવવામાં આવે છે.

શરતો :

૧. આ કામગીરીના ભાવો ૧ ચો.મી.ના માલ મજુરી સાથે (સ્ટાન્ર્ડ મટીરીયલ)ના તેમજ ખાલી મજુરીના ઉપર ચડાવી ફીટીંગ સાથેના છેલ્લે કામગીરી પૂર્ણ થયે સાફ સફાઈ કરી આપવાની શરતે આપવાના રહેશે.
૨. આ બાબતની કામગીરીનો અનુભવ હોવો જોઈએ તેમજ બીલ પાકુ આપવાનું રહેશે.
૩. ભાવો જાહેરાત પ્રસિધ્ધ થયા પછી દિવસ-૧૫માં મોકલવાના રહેશે ત્યારબાદ આવેલ ભાવો માન્ય રાખવામાં આવશે નહી. તેમજ ભાવો માન્ય રાખવા કે નહી તે બાબતની સંપૂર્ણ સતા પ્રમુખ તથા કમીટીની રહેશે.
૪. આ બાબતે સ્થળ નિરીક્ષણ તથા અન્ય શરતો માટે નીચેના સ્થળે રૂબરૂ આવી ભાવપત્રકનો નમુનો મેળવી જવો.

સહી : પ્રમુખ, સમસ્ત સતવારા સમાજ
બાબા કોમ્પલેક્ષ પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ

હાર્દિક શુભેચ્છા...




સ્મિત ઈન્ટરનેશનલ
એગ્રી કોમોડીટીઝ ટ્રેડ બ્રોકર્સ

શૈલેષ નથવાણી
મો. +૯૧-૯૮૨૫૨ ૮૮૯૫૪ / ૯૪૨૮૭ ૦૨૩૪૧
E-mail: shailesh@smiitint.com

કલ્પેશ હિન્ડોચા
મો.+૯૧-૯૮૨૫૫ ૦૭૨૬૫ / ૯૬૬૨૪ ૫૯૯૯૯
E-mail: kalpesh@smiitint.com

સ્મિત નથવાણી
મો.+૯૧-૭૨૦૨૦ ૨૦૨૨૧
E-mail: smit@smiitint.com

સ્મિત ઈન્ટરનેશનલ
૪૦૧-૪૦૪, સેવન સીસ કોમ્પ્લેક્ષ, રાધાકૃષ્ણ નગર, મોતીબાગ - વંથલી રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧ (ગુજ.) ભારત
+૯૧-૦૨૮૫-૨૬૭૦૪૬૮/૨૬૭૦૪૬૯/૨૬૭૦૪૭૦

ચૌહાણ ડેન્ટલ એન્ડ હોમિયોપેથીક કલીનીક



ડો. દુષ્યંત ચૌહાણ
B.D.S, M.D.S.
(ઓરલ એન્ડ મેકિસલોફેશીયલ સર્જરી)
દાંત, મોં અને જડબાનાં રોગના સુપર સ્પેશ્યાલીસ્ટ

:: સ્પેશ્યાલીટી ::
- ડહાપણ દાઢની સારવાર
- મોં અને જડબાનાં ફ્રેકચરની સારવાર
- તમાકુ / સોપારીથી બંધ થયેલા મોંની સારવાર
- મોં અને જડબાની રસોળી તથા ગાંઠની સારવાર
- જડબાનાં સાંધાની સારવાર
- ડેન્ટલ ઈમ્પ્લાન્ટ (જડબામાં સ્ક્રુ ફીકસ કરી દાંત બેસાડવા

૨૦૧૬થી મધુરમ / ટીંબાવાડી વિસ્તારમાં સેવા આપતું સુપર સ્પેશ્યાલીસ્ટ કલીનીક

આ ઉપરાંત દાંત તથા જડબમનાં બધા રોગોની સારવાર ફકત સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા
સ્ટાર પ્લેટિનમ કોમ્પ., ફર્સ્ટ ફલોર, મધુરમ બસસ્ટોપની સામે, મધુરમ બાયપાસ, જૂનાગઢ. મો.૯૫૧૨૩ ૭૩૭૭૯

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર




બીના ઈલેકટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

# જૂનાગઢ સંતશ્રી વેલનાથ બાપુના પટાંગણમાં ચૂંવાળીયા કોળી સમાજ ટ્રસ્ટ જોશીપુરા દ્વારા બીજા સમૂહલગ્નનું આયોજન



જૂનાગઢ તા. ૯

ગિરિવર ગિરનારની ગોદમાં ગોરક્ષનાથ આશ્રમની સામે આવેલ સંતશ્રી વેલનાથ બાપુના પટાંગણમાં આવેલ ડુમમાં ચૂંવાળીયા કોળી સમાજ ટ્રસ્ટ જોશીપુરા દ્વારા બીજા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું જેમાં સમાજની ૩૪ દીકરીઓને ધામધૂમથી સાસરે વળાવવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત ના અગ્રણીઓમાં મુખ્ય ધર્મેશભાઈ જીંજુવાડિયા સાથે નટુભાઈ કુંવરિયા નટુભાઈ જાસલિયા, પરસોત્તમભાઈ લીંબડ, દિનેશભાઈ મકવાણા, મગનભાઈ પરમાર, ભીખુભાઈ મકવાણા, ભાવેશભાઈ જીંજુવાડિયા, યોગેશભાઈ બાલસ, ખીમજીભાઈ મોકરિયા, ઈલાબેન બાલસ, જયાબેન જીંજુવાડિયા, લાભુબેન મોકરિયા, મનુભાઈ ઝાલા, મનીષભાઈ ભરડા અને તેમની ટીમ, કાળુભાઈ ચાવડા, હિતેશ ઠાકોર, ભરતભાઈ કટેશિયા, અને અન્ય નામી અનામી અગ્રણીઓએ હાજરી આપી આ પ્રસંગની શોભા વધારી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ભા.જ.પા. શહેર મંત્રી ભરતભાઈ બાલસ તેમજ પ્રદીપભાઈ પરમારે ખૂબ સરસ રીતે કર્યું. આ સમુહ લગ્નને સફળ બનાવવા જોશીપુરા ટ્રસ્ટની પુરી ટીમ પ્રમુખ ગોરધનભાઈ કુનપરા, મંત્રી ભુપતભાઈ વડેચા, સ.લગ્નના પ્રમુખ ભરતભાઈ પરમાર મ.મંત્રી જગદીશભાઈ મકવાણા, કનુબાપા મકવાણા, ગોવિંદભાઈ ઊગ્રેજા ,તેમજ કાર્યકરો જગદીશભાઈ બારૈયા, રાજુભાઈ કામલપરા, અનિલભાઈ કામલપરા, કિરણભાઈ માણસુરીયા, રમેશભાઈ વાઘિયા, ભુપતભાઈ પરમાર , નિલેશભાઈ મકવાણા, ધરમશીભાઈ પરમાર તેમજ હેમાવન ગ્રુપની ટીમ તથા યુવા ટીમમાં મિતેષ મકવાણા, રવિ મકવાણા, દર્પણ કુનપરા, ચેતન પરમાર, વાલાસણ વેલનાથ ગ્રૂપના ૨૫ યુવાનો, મટીયાણા ગ્રૂપના ૨૦ યુવાનો, દોલતપરા શ્રીરામ ગ્રૂપના ૧૦ યુવાનો તેમજ ઈન્દિરા નગર ગ્રુપના ૧૦ યુવાનોએ રસોડા, ચા-પાણીની બધીજ વ્યવસ્થા કરી તેમજ ૩૪ દીકરા - દીકરીઓ તેમના વાલીઓ સગા સ્નેહીઓએ સહકાર આપી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# ભેંસાણ વિસ્તાર આહીર સમાજનું સ્નેહ મિલન પરબધામની ભાગોળે યોજાયું

**મહાદેવગીરી બાપુ, હીરાભાઈ જોટવા, ગોવિંદભાઈ ચોચા સહીતના આગેવાનો એ સંગઠનલક્ષી માર્ગદર્શન આપ્યું ૨૫મીએ સુપાસી ખાતે સન્માન સમારંભમાં ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ અપાયું**





જૂનાગઢ તા. ૯

સમગ્ર દેશમાં આહીર સમાજની મોટી વસ્તી વસવાટ કરે છે. ત્યારે જૂનાગઢ જિલ્લા માં પણ ખુબ મોટી વસ્તી છે તેમાં ભેસાણ તાલુકામાં છુટાછવાયા ગામડાઓમા આહીર સમાજની વસ્તી છે. આ વિસ્તાર માં વસવાટ કરતા લોકો સંગઠિત બને સાથે સમાજલક્ષી કાર્યક્રમોનુ આયોજન થાય તેવા શુભ ઉદ્દેશથી આહીર સમાજનું એક સ્નેહમિલન પરબધામની ભાગોળે આવેલા પારેવડી રિસોર્ટ ખાતે સાંજના સમયે યોજાયુ હતુ. આ કાર્યક્રમ માં ૨૩મી ડિસેમ્બરના રોજ દ્વારકાધીશના સાનિધ્યમાં યોજાયેલ આહીરાણી મહારાસ ની સિદ્ધિઓ અને તેના હકારાત્મક પાસાઓ બાબતે ચર્ચાઓ કરવામાં આવી અને સમગ્ર સમાજને એક તાંતણે બાંધી ને એક લોહિયા આહીર સમાજ ના સંકલ્પ ને સાર્થક કરવા અને સંગઠિત થવા જૂનાગઢથી પધારેલ મહાદેવગીરી બાપુએ અપીલ કરી હતી. આ તકે ગીરસોમનાથ જિલ્લાના સુપાસી ગામના વતની એવા આહીર પીઢ રાજકીય નેતા અને ભામાશા હીરાભાઈ જોટવા દ્વારા આયોજિત આહીરાણી મહારાસમાં ભાગલેનાર ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લા ની બહેનોના સન્માન સમારંભ નુ આયોજન આવનાર ૨૫મી ફેબ્રુઆરી ના રોજ સુપાસી ખાતે કરવામાં આવેલ હોય તેમાં સમગ્ર તાલુકાના ભાઈ અને બહેનોને ઉપસ્થિત રહેવા આમન્ત્રણ આપવામાં આવ્યુ હતુ સાથે સંગઠિત સમાજ દ્વારા સહિયારા વિકાસ નો સંદેશ આપ્યો હતો સાથે ગુજરાત આહીર યુનિટી સંગઠનના પ્રમુખ એવા ગોવિંદભાઈ ચોચા દ્વારા પણ સમાજલક્ષી માર્ગદર્શન અપાયું હતુ. આવનાર સમય માં સમાજના વિકાસલક્ષી કાર્યક્રમો નુ આયોજન કરવા એક સુર સંધાયો હતો આ સમગ્ર કાર્યક્રમ માં ભેસાણ વિસ્તાર આહીર સમાજના આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં જમીન સંપાદનના કારણે અટકેલ હોસ્પીટલનું કામ શરૂ કરવા માંગ

ઉના તા. ૯

અખિલ ભારતીય કોળી સમાજના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડાએ ભુપેન્દ્રભાઈ પટેલ, મુખ્યમંત્રી ગુજરાત રાજય, ગાંધીનગર અને રૂષીકેશભાઈ પટેલ, મંત્રીશ્રી આરોગ્ય અને પરીવાર કલ્યાણ, ગાંધીનગર ના કાર્યાલય ખાતે રૂબરૂ જઈ રજુવાત કરી કે ઉના તાલુકો એ છેવાડાનો મોટો તાલુકો છે. ત્યારે સરકારશ્રી દ્વારા અહી સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ જાહેર કરવામાં આવી હતી.૧૦૦ બેડ અને મહેકમ મંજુર કરવામાં આવેલ હતુ.નવીનીકરણ માટે ૨૦૧૮/૧૯માં નવીન સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ ના બાંધકામ માટે રાજય સરકારે બજેટ મા નાણાની જોગવાઈ પણ કરવામાં આવી હતી.

આજદીન સુધી આ સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ ના બાંધકામનું કામ શરુ કરવામાં આવેલ નથી.વારંવાર રજુઆત કરવા છતા જગ્યા/જમીન બાબતે નકકર કાર્યવાહી કરવામાં આવેલ નથી. છેલ્લા ઘણા સમયથી સબ ડીસ્ટ્રીક હોસ્પીટલની જમીન સંપાદન ની કાર્યવાહી અટકી છે.તેના કારણે આ વિસ્તાર ના લોકો ને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ નો લાભ મળી શકયો નથી.

સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ બાબતે જરુરી કાર્યવાહી કરવામાં આવે વહેલી તકે જમીન સંપાદન કરવામા આવે અને નવીન સબ ડીસ્ટ્રીક હોસ્પીટલનું બાંધકામ શરુ કરવામાં આવે.અને છેવાડાના વિસ્તારના લોકોને સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે વહેલી તકે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ રસિક ચાવડા એ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હોસ્પિટલ બાબતે આરોગ્ય વિભાગ હકારાત્મક છે પરંતુ જમીન સંપાદન ના થતા કામ શરૂ થઈ શક્યું નથી.જમીન સંપાદન માં કોની નિયત નથી.કેમ કે છેલ્લા પાંચ વર્ષ થી આ હોસ્પિટલ લટકાયેલ પડી છે.હવે આ બાબતે મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી અંગત રસ લઈ આ વિસ્તારના લોકોની સુખાકારી માટે આ કામ પૂર્ણ કરાવે એવી લોક માંગ થઈ રહી છે.


# આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતીમાં આવાસોના ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાશે

દ્વારકા તા.૯

આગામી તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજયના ૩૩ જિલ્લાઓમાં આવાસોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાશે. મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી યોજાનાર છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણમાં ૫૦૦થી આવાસોનું લોકાર્પણ કરવામાં આવશે. જયારે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ ૭૦થી વધુ આવાસોનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા તેમજ દ્વારકા ખાતે આવાસ લોકાર્પણ અંગેનો કાર્યક્રમ યોજાશે. કેન્દ્ર તથા રાજય સરકારશ્રીની અમલીકૃત પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ), પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી), હળપતિ આવાસ યોજના, ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ યોજનાઓના આવાસોના ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવશે.

# દ્વારકા જગત મંદિરના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ધુલીપાવ મનોરથ દર્શન યોજાયા





**ઠાકોરજીના ઉત્થાપનની સાથે જ મંગળા આરતીના ઘંટરાવ સહિત દિવ્ય મનોરથનું આયોજન કરાયું**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૯

દ્વારકાધીશ જગત મંદિરના પુજારી જયેશભાઈ ઠાકર તથા અચ્યુતભાઈ ઠાકરના સેવાપૂજા ક્રમ અનુસાર ગઈકાલે ગુરૂવારે એક જ દિવસ દરમિયાન ભગવાન દ્વારકાધીશજીના સેવાક્રમ દરમિયાન આખા દિવસ જુદા જુદા સુકામેવા મનોરથ, કુંડલા ભોગ, અન્નકૂટ મનોરથ યોજવામાં આવ્યા હતા. સવારે ૬:૩૦ વાગ્યે મંગળા આરતીના ભગવાન દ્વારકાધીશના ઉત્થાપનની સાથે જ શ્રીજીને ધુલીપાવ મનોરથ અર્પણ કરવામાં આવ્યો હતો. મંગળા ભોગના દર્શન દરમિયાન સૌપ્રથમ વખત એક સાથે ચાર ભોગની સેવા ઠાકોરજીને અર્પણ કરવામાં આવી હતી.

જેમાં ભગવાનને ઉત્થાપનની સાથે કરવામાં આવતા ભોગ પૈકીના મંગળા ભોગની સામગ્રીમાં ભગવાનને વૈષ્ણવ સંપ્રદાયના સહયોગથી એક દિવસમાં વધારાના નવ મનોરથ ઉત્સવથી કરવામાં આવ્યા હતા. દ્વારકા જગત મંદિરમાં આખા દિવસ દરમિયાન ઠાકોરજીની અલગ ઝાંખી તથા વિશેષ ઉત્સવ આરતીના દર્શન કરી, ભક્તો ભાવવિભોર થયા હતા. ભગવાન દ્વારકાધીશને પ્રિય એવા પાન, બિડા, માખણ, મિસરી, સુકામેવા, ફળ-ફૂલ સહિતના ભોગ સાથે વૈષ્ણવોએ દર્શન કર્યા હતા.

મંગળા આરતીના નિત્ય ક્રમ બાદ સવારે ૯:૩૦ વાગ્યે ભગવાન દ્વારકાધીશજીને કુંડલા ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. સાંજે પાંચ વાગ્યે ભગવાન શ્રીજીના ઉત્થાપનની સાથે ફરીથી અન્નકૂટ મનોરથ ઉત્સવ આરતી સાથે અર્પણ કરવામાં આવ્યો હતો. ૭:૩૦ વાગ્યે મેવા ભોગના દર્શન બાદ રાત્રે ૮:૩૦ વાગ્યે ઠાકોરજીની આરતીના દર્શન સાથે નવમો મેવા ભોગ દ્વારકાધીશજીને અર્પણ કરવામાં આવ્યો હતો. આમ, રાજાધિરાજ દ્વારકાધીશજીને પૂર્ણ દિવસ દરમિયાન ખાસ પ્રકારના ઉત્સવ દર્શનના વસ્ત્રો તથા અલંકારો સાથે વૈષ્ણવોએ અલૌકિક દર્શન કર્યા હતા.

# આચારસંહિતા પહેલાં જ જીપીએસ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરી દેવાશે

નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ એક મોટું નિવેદન આપતાં કહ્યું કે આગામી લોકસભા ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા લાગુ થાય તે પહેલા જ દેશમાં સેટેલાઈટ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરી દેવાશે. એવું મનાય છે કે આગામી લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા માર્ચના પ્રથમ સપ્તાહમાં લાગુ થઈ જશે. રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અમે સંસદને ખાતરી આપવા માંગીએ છીએ કે ટોલ સિસ્ટમ માટે વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજી સેટેલાઈટ આધારિત સિસ્ટમ ટૂંક સમયમાં રજૂ કરાશે. ટોલનાકા પણ હટાવી દેવામાં આવશે. તેમણે જણાવ્યું કે હવેથી નવી જીપીએસઆધારિત ટોલ સિસ્ટમ આવી જવાથી લોકોએ રોકવાની જરૂર નહીં પડે અને નંબર પ્લેટના ફોટા પરથી ટોલ વસૂલ કરી લેવાશે. આ સિસ્ટમ હાઈવે અથવા એક્સપ્રેસ વેનો કેટલા સમય માટે ઉપયોગ થયો તેના આધારે ટોલ વસૂલી કરશે. ટોલ ફી ડ્રાઈવરના બેંક ખાતામાંથી આપોઆપ કપાઈ જશે. દરમિયાન, ફાસ્ટેગથી ટોલ ટેક્સ વસૂલીનો ડેટા શેર કરતી વખતે ગડકરીએ કહ્યું કે અત્યાર સુધી ફાસ્ટેગથી ૪૯ હજાર કરોડ રૂપિયાથી વધુનો ટોલ ટેક્સ વસૂલવામાં આવ્યો છે. દૈનિક કલેકશન ૧૭૦ થી ૨૦૦ કરોડની વચ્ચે થાય છે.

# ગીરગઢડા પોલીસે ત્રણ શખ્સોને બાઈક ચોરીનાં કેસમાં શંકાસ્પદ હાલતમાં ઝડપ્યા

ઉના તા. ૯

ગીર સોમનાથ જિલ્લાની એસ.ઓ.જી. બ્રાન્ચના ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજા ની સૂચનાથી એ. એસ.આઈ. સુભાષ ભાઈ ચાવડા, ઈબ્રાહિમશા બાનવા, હેડ કોન્સ્ટેબલ ગોપાલભાઈ મોરી, સલીમભાઈ બ્લોચ, ધર્મેન્દ્રસિહ ગોહીલ , મેહુલસિહ પરમાર સ્ટાફ સાથે ગીરગઢડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ધોકડવાથી બેડીયા જતા રોડ ઉપર પુલ પાસે બે યુવાનો રૂખડ ઘેલા વાઘેલા, રણજીત પોલાભાઈ વાઘેલા રે. ધોકડવા વાળા મો. સાયકલ નંબર **GJ 5BE 9213**અને **GJ 05AJ 4437**લઈ નીકળતા રોકવી કાગળો





આર.સી. બુક બીલ માગતા ના બતાવતા અને સંતોષ કારક જવાબ ના આપતા બે મોટર સાયકલ સાથે ગીર ગઢડા પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કર્યો હતો.

તેમજ ગીર ગઢડા તાલુકાના સનવાવ જતા રોડ ઉપર મોટા હનુમાન મંદિર પાસે ફિરોઝ દિલુભાઈ નાયા રે. સનવાવ **GJ 11JJ 9330**નબરની મોટર સાયકલ લઈને નીકળતા તેમની પાસે પણ કોઈ કાગળો બિલ ના હોય આ મોટર સાયકલ ચોરી કરી હોવાની શંકાએ પકડી ગીર ગઢડા પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કર્યો હતો.

# ખંભાળીયા : મગફળીનાં ભુકકામાં આગ

ખંભાળિયા તા. ૯

ભાણવડ રોડ ઉપર ભાણ ખોખરી ગામે રહેતા લખમણભાઈ નંદાણીયા નામના એક આસામીની વાડીમાં રાખવામાં આવેલા મગફળીના ભુકામાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. આ બનાવની ફાયર વિભાગને કરવામાં આવતા જિલ્લા ફાયર વિભાગ અધિકારી મિતરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ સ્ટાફના સુખદેવસિંહ વાઢેર, યોગેશ પાથર તથા કલ્પેશ ગામી ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી, લાંબી જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટ થવાના કારણે આ આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

# હોટલના રૂમમાં પ્રેમિકા સાથે રંગરેલિયા કરતો ઝડપાયો પતિ

મુંબઈ, તા.૯

પતિ-પત્ની વચ્ચેનો સંબંધ પ્રેમની સાથે આદર અને વિશ્વાસનો હોય છે. જો સંબંધમાં વિશ્વાસ ન રહે તો માત્ર પ્રેમ જ નહીં પરંતુ સંબંધ પણ પુરો થઈ જાય છે. ઘણીવાર પતિ-પત્ની વચ્ચે વિશ્વાસ ન હોય તેનાથી સ્થિતિ વણસી હોય તેવા અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. હાલ એક વીડિયો ઘણો વાયરલ થઈ રહ્યો છે. જેમાં પતિની બેવફાઈ પર પત્નીની પ્રતિક્રિયા સામે આવી છે. આ વીડિયોમાં પતિ પત્નીનો બાળક પણ સામેલ છે. એક્સ એકાઉન્ટ @gharkekalesh પર વારંવાર ઝઘડાના વીડિયો પોસ્ટ કરવામાં આવે છે. હાલમાં જ એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે. જેમાં એક પત્ની તેના પતિને બીજી મહિલા સાથે હોટલના રૂમમાંથી રંગે હાથે પકડી પાડે છે. આ વીડિયો જોઈને લાગે છે કે, પત્ની તેના પરિવારના અન્ય સભ્યો સાથે હોટલમાં પહોંચી છે અને તેના પતિને અન્ય મહિલા સાથે પકડી પાડે છે. જોકે, આ પણ એક વાયરલ વીડિયો છે. તેથી ખાતરીપૂર્વક કહી શકાય નહીં કે આ સત્ય ઘટના છે. આજકાલ આવા વીડિયો મનોરંજનના દષ્ટિકોણથી પણ બનાવવામાં આવે છે. વીડિયોમાં તમે જોઈ શકો છો કે, કેટલાક લોકો હોટલનો રૂમ ખોલીને હેપી બર્થ ડે બોલી રહ્યા છે. અંદર એક મહિલા સોફા પર બેઠેલી જોવા મળે છે. અંદર પ્રવેશતાની સાથે જ તેની પત્ની તેના પતિને મારવા લાગે છે. પરિવારના બાકીના લોકો પણ તે વ્યક્તિને મારવા લાગે છે. બીજી સ્ત્રીઓ એ અજાણી સ્ત્રીને મારવા લાગે છે. વીડિયોમાં તમે જોઈ શકો છો કે લોકો જોરથી લાતો અને મુક્કા મારી રહ્યા છે અને બંનેને સબક શીખવી રહ્યા છે. બંને દયાની ભીખ માંગી રહ્યા છે પરંતુ લોકો તેમની વાત સાંભળી રહ્યા નથી. આ વીડિયો ટ્વિટર યુઝર @Arhantt_pvt દ્વારા શેર કરવામાં આવ્યો છે. જેને આ એકાઉન્ટ પર રીટ્વીટ કરવામાં આવ્યો છે. વીડિયો સંબંધિત વધુ માહિતી આપવામાં આવી નથી, તેથી આ ઘટના ક્યાં બની તે પણ જાણી શકાયું નથી. વાયરલ વીડિયોને ૯ લાખથી વધુ વ્યૂઝ મળ્યા છે જ્યારે ઘણા લોકોએ કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપ્યો છે. એકે કહ્યું કે પરિવારે મારવાની ઘટનાને રેકોર્ડ ન કરવી જોઈએ, કારણ કે આ રીતે તેઓ પોતાના માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા છે.

# હજુ સુધી મને પુત્રીને મળવાની મંજૂરી નથી અપાઈ : શમી

નવી દિલ્હી, તા.૯

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી હાલ ક્રિકેટના મેદાનથી દૂર છે. વર્લ્ડકપ પછી તે ઈજાથી રિકવર થઈ રહ્યો છે.

આ દરમ્યાન એક ઈન્ટરવ્યુમાં શમી તેની દીકરીને લઈને ભાવુક થઈ ગયો હતો. શમીએ કહ્યું, “હું લાંબા સમયથી મારી પુત્રીને મળી શક્યો નથી કારણ કે મારી પત્ની તેને મળવા દેતી નથી.

એક કાર્યક્રમમાં જયારે મોહમ્મદ શમીને તેની દીકરી આયરા વિશે પૂછવામાં આવ્યું તો તે ભાવુક થઈ ગયો હતો. મોહમ્મદ શમીએ કહ્યું કે, “હું મારી દીકરીને ખૂબ મિસ કરું છું, હું તેની સાથે વાત કરવાનો ઘણો પ્રયાસ કરૂં છું પરંતુ હું એટલું જ કરું છું જેટલી તે (હસીન જહાં) પરવાનગી આપે છે. આજ સુધી તેણે મને મારી દીકરીને મળવાની મંજૂરી આપી નથી.” મોહમ્મદ શમી અને તેની પત્ની હસીન જહાં લગભગ ૬ વર્ષથી અલગ રહે છે. વર્ષ ૨૦૧૮માં હસીન જહાંએ મોહમ્મદ શમી પર ઘણા ગંભીર આરોપ લગાવ્યા હતા અને ત્યારથી તે શમીથી અલગ થઈ ગઈ હતી. શમી અને તેની પત્ની સાથે જોડાયેલો મામલો પોલીસ અને કોર્ટ સુધી પહોંચ્યો હતો. જો કે બાદમાં હસીન જહાં અલગ થઈ ગઈ અને શમીની દીકરી હસીન જહાં સાથે રહે છે. મોહમ્મદ શમીના અંગત જીવનમાં જ્યારે આટલી ઉથલપાથલ હતી ત્યારે તે ભારતીય ટીમમાંથી પણ બહાર થઈ ગયો હતો. પરંતુ શમીએ તે પછી વાપસી કરી અને વન-ડેવર્લ્ડ કપ ૨૦૧૯માં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

CMYK CMYK CMYK

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભારતીય પુરાતત્વ સર્વેક્ષણનાં સર્વે રીપોર્ટ મહત્વનો બનશે

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના સર્વ રિપોર્ટે પ્રમાણિત કરી દીધું છે કે વારાણસીના જ્ઞાનવાપી પરિસર સ્થિત એક હજાર વર્ષ કરતાં પણ વધુ પુરાણા વિશાળ હિન્દુ મંદિરોને તોડીને મસ્જિદ બનાવવામાં આવી હતી. જયાં કાશી વિશ્વનાથ નામનું વિશાળ હિન્દુ મંદિર હતું. તેના અવશેષોના પ્રતિક ચિહ્નો સર્વેક્ષણમાં મળ્યા છે. મંદિરની સંરચના ઉપર મસ્જિદ બનાવવામાં આવી હતી. મસ્જિદના નિર્માણમાં પણ મંદિરના પથ્થરોનો પ્રયોગ કરાયો હતો. જેમાં એક સ્થળે મહામુકિત મંડપ લખાણ હોવાની સાથે હનુમાનજી અને ગણેશજીની ખંડિત મૂર્તિઓ મળી આવી હતી. આ ખુલાસા એએસઆઈના રિપોર્ટમાં કરાયા છે.

વારાણસી જિલ્લા અદાલતના ગત વર્ષ કરેલા આદેશ પર ત્રણ માસથી વધુ સમય જ્ઞાનવાપી પરિસરનું આધુનિક વૈજ્ઞાનિક ઉપકરણોના માધ્યમથી સર્વક્ષણ કરાયું હતું. ત્યારબાદ તથ્યાત્મક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો ૮૩૯ પાનનો રિપોર્ટ લગભગ અયોધ્યાના રામ જન્મભૂમિ મંદિર જેવો જ છે. રામ મંદિરના સર્વક્ષણમાં પુરાતત્વવિદ કે.કે.મોહમ્મદ પણ સામેલ હતા સર્વ બાદ મોહમ્મદે જણાવ્યું હતું કે, અયોધ્યા, વારાણસી અને મથુરા જેવા મંદિર સ્થળોને હિન્દુઓને સ્વેચ્છાથી મુસ્લિમોએ સોંપી દેવા જોઈએ. કારણ કે આ સ્થળો હિન્દુઓ માટે એટલા જ મહત્વપૂર્ણ છે જેટલા મુસલમાનો માટે મકકા અને મદીના !

વાસ્તવમાં જ્ઞાનવાપી મસ્જિદ પરિસરના સર્વક્ષણ કરાવવાનો નિર્ણય વારાણસીના ન્યાયાલય દ્વારા લેવાયા બાદ એ સ્પષ્ટ થયું હતું કે, જ્ઞાનવાપી મસ્જિદમાં મંદિર હોવાના પૂરતા પુરાવા મળશે. આ ઉદ્દેશથી મુસ્લિમ પક્ષે પણ એક યાચિકા કોર્ટમાં રજૂ કરી હતી. જેમાં દાવો કરાયો હતો કે, વિશેષ ઉપાસના સ્થળ કાનૂન ૧૯૯૧ અંતર્ગત આઝાદી બાદ જે પણ ધર્મસ્થળ જે અવસ્થામાં છે, તે રુપમાં જ રહેશે. આ સિલસિલામાં પ્રાચીન મૂર્તિ સ્વયંભૂ જયોતિલિંગ ભગવાન વિશ્વેશ્વર નાથ તરફથી અને વિજયશંકર રસ્તોગીએ ન્યાયાલયને તર્ક આપ્યો હતો કે, વર્તમાનમાં વિવાદિત સ્થળની ધાર્મિક સ્થિતિ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ મંદિરની અથવા મસ્જિદની હોવા અંગેના નિર્ધારણ માટે સાક્ષી, પુરાવાની આવશ્યકતા છે.

વાસ્તવમાં વિવાદિત સ્થળ વિશ્વનાથ મંદિરનો જ એક ભાગ છે, આથી એક અંશની ધાર્મિક સ્થિતિનું નિર્ધારણ ન કરી શકાય, પરંતુ જ્ઞાનવાપી પરિસરનું ભૌતિક સર્વક્ષણ થવું જરુરી છે. જેથી પુરાતાત્વિક સર્વક્ષણ દ્વારા તપાસ કરીને સ્પષ્ટ કરવામાં આવે કે આ મસ્જિદની નીચે અને તેની દિવાલોના ભાગમાં કોઈ મંદિર હતું કે નહીં? તથ્યોના આધાર પર પ્રાચીન વિશ્વનાથ મંદિરના ધ્વસ્ત અવશેષો પર મસ્જિદની દિવાલોની અંદર અને બહારની તરફ બનાવાયાનું કહેવાયું હતું. સમગ્ર પરિસરમાં અનેક દેવી-દેવતાઓના નાના નાના મંદિર હતા. જે પૈકી કેટલાક આજે પણ મૌજૂદ છે. આ પુરાવાના સંદર્ભમાં અન્ય સાક્ષીરુપ બાબતો અને ઈતિહાસના પુસ્તકો પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

વાસ્તવમાં ભારતીય સાર્થ્ય અધિનિયમ ૧૮૭૨ અંતર્ગત અધિનિયમની કલમ ૫૭(૧૩) અંતર્ગત સામાન્ય ઈતિહાસના પુસ્તકોમાં પણ વર્ણિત ઐતિહાસિક તથ્યને સાચ તરીકે માન્યતા પ્રાપ્ત છે. આ સંદર્ભમાં ૧૯૩૭માં પ્રકાશિત ઈતિહાસકાર ડો.અનંત સદાશિવ અલ્તેકરનું પુસ્તક 'હિસ્ટ્રી ઓફ બનારસ' અદાલતમાં રજૂ કરવામાં આવી હતી. પુસ્તકો અનુસાર વર્તમાનમાં જે જયોર્તિલિંગ સ્થાપિત છે તેની પ્રાણ પ્રતિષ્ઠા ૧૭૮૦માં મહારાણી અહિલ્યાબાઈએ કરાવી હતી. વિતેલ સદીના અંત સુધીમાં જે લોકો વિશ્વનાથ મંદિરમાં દર્શન કરવા ગયા હતા, તેઓને સ્પષ્ટરુપે જોવા મળ્યું હતું કે, એક તૂટેલા પ્રાચીન મંદિરના ઢાંચા ઉપર કથિત મસ્જિદ બનાવવામાં આવી છે. મંદિરનો ચબૂતરો અને આલિશાન સફેદ પત્થરના સ્તંભ સ્પષ્ટ જોવા મળતા હતા

આ પરિસરમાં એક કૂવો છે. જે અંગે જણાવાયું છે કે, તોડી નંખાયેલા મંદિરમાં સ્થાપિત કરાયેલ શિવલિંગ છે. આ મામલે ભાજપ પ્રવકતા અશ્વિની ઉપાધ્યાયની યાચિકા અંગે પૂજાસ્થળ વિશેષ પ્રાવધાન અધિનિયમ ૧૯૯૧ની કાયદેસરતાને પડકાર અપાયો હતો. ૧૯૯૧માં કેન્દ્ર સરકાર દ્વારા તમામ ધર્મસ્થળો સાથે જોડાયેલા વિવાદોમાં યથાસ્થિતિ બનાવી રાખવાની દષ્ટિથી આ કાનૂન બનાવાયો હતો. જો કે અયોધ્યાના રામ જન્મસ્થળ-બાબરી મસ્જિદ વિવાદને આ કાયદાના દાયરાથી બહાર રાખવામાં આવ્યો હતો.

જો કે પુરાતત્વીય પરીક્ષણમાં શોધાયેલા ૩૨ શિલાલેખ અને પ્રતિક ચિહ્નોએ જ્ઞાનવાપીની સત્યતાને ઉજાગર કરી દીધી છે. વાસ્તવમાં મુસ્લિમોએ એવી ઉદારતા કયારેય દાખવી ન હતી કે તેઓ મુસ્લિમ શાસકો દ્વારા કરાયેલા અન્યાયની સત્યતાને જાણતા હોવા છતા તેમાં બદલાવ માટે એકવાર આગળ આવે. તેઓએ પોતાનો જડોને ઈસ્લામિક કટ્ટરતા અને ક્રૂરતામાં જ શોધી હોવાનું જોવા મળ્યું. અંતે ક્રિયાની પ્રતિક્રિયા હોય જ છે એ નિયમનું સ્વાભાવિકપણું સર્વના રિપોર્ટ બાદ જોવા મળ્યું.

# યુપીએ શાસન દરમ્યાન આર્થિક ગેરવહીવટ પર શ્વેતપત્ર બહાર પડાયું

## શ્વેતપત્રમાં સરકાર દેશની અર્થવ્યવસ્થા પર ૨૦૧૪ પહેલા લીધેલા આર્થિક નિર્ણયોની હાનિકારક અસરો વિશે વિગતવાર જણાવશે

નવી દિલ્હી, તા.૯

સંસદના વર્તમાન બજેટ સત્ર દરમિયાન, સરકાર સંયુકત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ) શાસન દરમિયાન આર્થિક ગેરવહીવટ પર શ્વેતપત્ર બહાર પાડ્યું છે. આ શ્વેતપત્રમાં સરકાર દેશની અર્થવ્યવસ્થા પર ૨૦૧૪ પહેલા લીધેલા આર્થિક નિર્ણયોની હાનિકારક અસરો વિશે વિગતવાર જણાવશે. કેન્દ્ર સરકાર આ શ્વેતપત્ર ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ એટલે કે રવિવારે લાવી શકે છે. સંસદના બજેટ સત્રનો આ છેલ્લો દિવસ હશે. પ્રથમ બજેટ સત્ર ૯ ફેબ્રુઆરીએ પૂરું થવાનું હતું, પરંતુ તેને એક દિવસ લંબાવવામાં આવ્યું છે. શ્વેતપત્ર ક્યારે રજૂ કરવામાં આવ્યું હતું, તેનો અર્થ શું છે અને તેનો ઉપયોગ શા માટે થાય છે? એ જાણીએ. ૧૦૨ વર્ષ પહેલા એટલે કે ૧૯૨૨ માં શ્વેતપત્રની પરંપરા બ્રિટીશ સરકારે શરુ કરી હતી. શ્વેતપત્ર એક સરકાર, કંપની કે બિન-લાભકારી સંસ્થા દ્વારા ઉકેલ, ઉત્પાદન અથવા સેવાની વિશેષતાઓને પ્રોત્સાહન આપવા પ્રકાશિત કરવામાં આવેલ માહિતી દસ્તાવેજ છે. શ્વેતપત્રોનો ઉપયોગ જાહેર અભિપ્રાયનું મૂલ્યાંકન કરવાની તેમજ સરકારી નીતિઓ અને કાયદાઓ રજૂ કરવાની પદ્ધતિ તરીકે થાય છે. શ્વેતપત્ર કોઈપણ વિષય પર પ્રાપ્ત માહિતી અથવા સર્વેક્ષણનો એક ભાગ છે. સરકારની સાથે કોઈપણ સંસ્થા કે કંપની દ્વારા શ્વેતપત્ર જાહેર કરી શકાય છે. શ્વેતપત્રમાં તેના ગ્રાહકો કર્મચારીઓ અથવા જનતાને તેની પ્રોડક્ટ વિશે વિગતવાર માહિતી આપવામાં આવે છે. આ સાથે ઘણી સંસ્થાઓ તેમના દ્વારા રજૂ કરાયેલી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે શ્વેતપત્રો બહાર પાડે છે. આ રીતે માહિતી સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં આવે છે. આર્થિક બાબતોને લગતા શ્વેતપત્રોમાં સરકાર અથવા કોઈપણ સંસ્થાની ખામીઓ, તેની સંબંધિત આડઅસરો અને સુધારા માટેના સૂચનો જેવા વિષયો હોય છે. જ્યારે ઉત્પાદન/ટેક્નોલોજી સંબંધિત શ્વેતપત્રમાં તેના વિશેની માહિતી હોય છે. તેમના તાજેતરમાં રજૂ કરાયેલા વચગાળાના બજેટ ૨૦૨૪માં, નાણામંત્રી નિર્મલા સીતારમણે યુપીએ સરકાર દરમિયાન લેવામાં આવેલા આર્થિક નિર્ણયો અને દેશ પર તેની પ્રતિકૂળ અસરો અંગે શ્વેતપત્ર લાવવાની જાહેરાત કરી હતી. નાણામંત્રીએ તેમના વચગાળાના બજેટ ભાષણમાં કહ્યું હતું કે જ્યારે આ સરકારે વર્ષ ૨૦૧૪ માં સત્તા સંભાળી ત્યારે અર્થવ્યવસ્થાને અને ગવર્નન્સ સિસ્ટમને તબક્કાવાર સુધારવાની જવાબદારી ખૂબ મોટી હતી. લોકોને આશાનું કિરણ પૂરું પાડવું, રોકાણ આકર્ષવું અને સુધારા માટે ખૂબ જ જરૂરી સમર્થન મેળવવું એ સમયની જરૂરિયાત હતી. જે સરકારે સફળતાપૂર્વક હાંસલ કરી છે. તેમજ નાણામંત્રીએ શ્વેતપત્ર રજૂ કરવા બાબતે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪ માં દેશ ક્યાં હતો અને અત્યારે ક્યાં છે. તેમજ શ્વેતપત્રનો હેતુ તે વર્ષોના ગેરવહીવટમાંથી પાઠ શીખવાનો છે.

# ૨૦૨૪-૨૫માં અર્થવ્યવસ્થા સાત ટકાના દરે વિકાસ કરશે

નવી દિલ્હી, તા.૯

ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતની અર્થવ્યવસ્થા સાત ટકાના વિકાસ દરે વધવાનો અંદાજ મુક્યો છે. અગાઉ વર્તમાન નાણાંકીય વર્ષમાં ૭.૩ ટકાનો અંદાજ મુકાયો હતો.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે દર બે મહિને યોજાતી મૉનેટરી પૉલિસીની બેઠકમાં કહ્યું કે, ગ્રામીણ માંગમાં તેજી યથાવત્ છે, જ્યારે શહેરી વપરાશમાં મજબૂત પ્રદર્શન જોવા મળી રહ્યું છે અને મૂડી ખર્ચ વધતા રોકાણ ચક્રમાં ગતિ પકડી રહ્યું છે.

તેમણે કહ્યું કે, ખાનગી રોકાણમાં વધારો થવાનો સંકેત જોવા મળી રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીડીપીમાં સાત ટકા પર પહોંચવાનો અંદાજ છે. દેશનો વિકાસ દર જૂન ક્વાર્ટરમાં ૭.૨ ટકા અને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે. દાસે કહ્યું કે, સ્થાનિક આર્થિક ગતિવિધિઓમાં મજબૂત સ્થિતિ જોવા મળી રહી છે. રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (એનએસઓ)ના અંદાજ મુજબ, વર્તમાન નાણાંકીય વર્ષમાં વૃદ્ધિ દર ૭.૩ ટકા છે. ગત નાણાંકીય વર્ષની જેમ વર્તમાન નાણાંકીય વર્ષમાં પણ ગતિ યથાવત્ રહેવાની આશા છે. ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૬૨૨.૫ અબજ ડૉલર પર પહોંચી ગયો છે, જે તમામ વિદેશી પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવામાં પર્યાપ્ત છે.

આ અગાઉ આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે મોનિટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલ નિર્ણય અંગે માહિતી આપી છે.

સમિતિ દ્વારા પોલિસી રેટ સ્થિર રાખવામાં આવ્યા છે. પહેલાથી એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે રેપો રેટને સતત છઠ્ઠી વખત ૬.૫ પર સ્થિર રાખવામાં આવ્યા છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે ફુગાવામાં ઘટાડો થઈ રહ્યો છે જે સારા સંકેત છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ છેલ્લે ૨૦૨૩ની ૮ ફેબ્રુઆરીએ રેપો રેટ વધાર્યો હતો. ત્યારબાદ આરબીઆઈએ તેમાં ૨૫ બેસિસ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકાનો વધારો કરીને ૬.૫ ટકા કર્યો હતો. ત્યારથી, આ દરો સતત છ એમપીસી બેઠકોમાં યથાવત રાખવામાં આવ્યા છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે દેશનું વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. વચગાળાના બજેટ બાદ આરબીઆઈએમપીસીની આ પ્રથમ બેઠક છે.

# નિર્મલા સિતારમણે ભારતીય અર્થવ્યવસ્થા પર શ્વેતપત્ર રજૂ કર્યું

નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં ભારતીય અર્થવ્યવસ્થા પર શ્વેત પત્ર રજૂ કર્યું છે. જેમાં કોંગ્રેસની યુપીએ સરકારની સરખામણીમાં મોદી સરકારની કામગીરી દર્શાવવામાં આવશે.

બજેટ ભાષણ દરમિયાન નાણામંત્રીએ કહ્યું હતું કે, મોદી સરકારના સત્તામાં આવ્યા પહેલા દેશ આર્થિક સંકટમાં હતો. દેશની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે મોદી સરકારે ઘણી મહેનત કરી છે.

શ્વેત પેપર દ્વારા યુપીએ અને એનડીએ સરકારના કાર્યકાળ દરમિયાન થયેલા કામની સરખામણી કરવામાં આવશે. સરકાર તેના કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા સકારાત્મક પગલાઓ વિશે પણ જણાવશે. શ્વેત પેપર એક એવો અહેવાલ છે, જેના દ્વારા સરકારની ઉપલબ્ધિઓ જણાવવામાં આવે છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ 'બ્લેક પેપર' રજૂ કરતાં ઘણાં મુદ્દાઓ પર ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે મોદી સરકાર વર્તમાન સમયની વાત નથી કરતી અને તે ભૂતકાળમાં જઈને કોંગ્રેસના શાસનની વાતો કરે છે. પરંતુ તેણે આજના સમયમાં જે મોંઘવારી છે તેની વાત કરવી જોઈએ. મોદીએ હાલમાં ફુગાવાને કન્ટ્રોલ કરવા કેવા પગલાં ભર્યા તેના વિશે જણાવવું જોઈએ. તેમણે ઈન્દિરા ગાંધી અને નહેરુના સમયકાળની વાતો કરવાનું ટાળવું જોઈએ. તેમની સાથે તુલના ન થઈ શકે.

# કચ્છમાં કચ્છી દાબેલી ખાવા લોકોની અસંખ્ય ભીડ લાગે છે

## ભુજમાં છેલ્લા ૩૨ વર્ષથી હોસ્પિટલ રોડ પર બિલકુલ દાબેલીના નામે ધીરૂભાઈ ચંદેની લારી આવેલી છે

કચ્છ, તા.૯

દરેક પ્રદેશની એક પોતાની આગવી ખાસિયત અને વાનગી ઓળખાતી હોય છે. કચ્છમાં અનેક ફાસ્ટ ફૂડ વખણાય છે, જેમાંથી સૌથી વધારે પ્રખ્યાત છે 'કચ્છી દાબેલી'. કચ્છની મુલાકાતે આવતા પ્રવાસીઓ આ ફાસ્ટ ફૂડને જરૂરથી ટેસ્ટ કરે છે. દેશના કોઈ પણ ખૂણે ફાસ્ટ ફૂડ રસીકોમાં પણ દાબેલી તો વખણાય જ છે. દાબેલીની સૌપ્રથમ શરૂઆત કચ્છના માંડવી તાલુકામાં વર્ષ ૧૯૬૦માં થઈ હતી. માંડવીના ગાભાભાઈની દાબેલી શરૂઆતથી હજી સુધી પણ વખણાય છે. ત્યારે તેમણે ૬ પૈસામાં દાબેલી વેચવાનું શરૂ કર્યું હતું અને આજે આ તેઓ ૨૦ થી ૨૫ રૂપિયામાં વેચે છે. કચ્છી ફૂડ અને ફરસાણને દેશ-વિદેશી પ્રવાસીઓને ઘેલું લગાડ્યું છે. માંડવીથી શરૂઆત થઈને અંજાર, ભુજ સહિત ગાંધીધામ દરેક જગ્યાએ દાબેલી મળે છે અને ખાસ સ્વાદ રસિકો એક વખત જો કચ્છી વ્યંજનને ચાખે તો તેનો ટેસ્ટ જરૂરથી દાઢે વળગી જાય. સામાન્ય રીતે કચ્છનું નામ પડે એટલે કચ્છી દાબેલી અને ડબલ રોટી અચૂકથી યાદ આવી જ જાય. આ દાબેલીનું જન્મ બંદરીય નગર માંડવીમાં થયું હતું. કચ્છીઓનો જગવિખ્યાત બનેલા આ ફાસ્ટ ફૂડની લારીઓમાં દરરોજ સાંજે લોકોની ભીડ જોવા મળે છે. શરૂઆતમાં લંબચોરસ એ વાત ચોક્કસ આકારના પાઉંમાં બાફેલા બટાકાનું શાક, તેમાં લસણની ચટણી અને આમલીની ખાટી ચટણી ભરીને તેનો આવિષ્કાર થયો હતો અને આજે કચ્છના ગામેગામ અને દરેક શહેરમાં દાબેલીની લારીઓ નજરે પડે છે. ભુજમાં છેલ્લા ૩૨ વર્ષથી હોસ્પિટલ રોડ પર 'બિલકુલ દાબેલી'ના નામે ધીરૂભાઈ ચંદેની લારી આવેલી છે, જ્યાં લોકોને અસંખ્ય ભીડ ફક્ત રવિવારે નહીં, પરંતુ દરરોજ જોવા મળે છે. કચ્છની ફેમસ દાબેલી ઘરે પણ બનાવી શકાય છે. આ દાબેલીનો મસાલો બજારમાં સહેલાઈથી મળી જાય છે. બટાકાને બાફીને તેમાં આ દાબેલીના મસાલાને ઉમેરવામાં આવે છે અને પાઉંને વચ્ચેથી કાપીને તેમાં મસાલો ઉમેરવામાં આવે છે. તથા તેમાં તીખો અને મીઠો રસ સ્વાદ અનુસાર ઉમેરી, થોડા દાણા અને સેવ નાખીને વધુ ટેસ્ટફૂલ બનાવી શકાય છે. દાબેલીમાં અલગ અલગ વસ્તુનું મિશ્રણ કરવામાં આવતું હોવાથી તેનો સ્વાદ ખૂબ જ ચટપટું લાગે છે. બાળકોથી લઈને સૌને ભાવતો નાસ્તો છે અને ગુજરાતમાં ખૂબ જ પ્રખ્યાત સ્ટ્રીટ ફૂડ છે.

# જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા કેન્દ્રને છ સપ્તાહનું અલ્ટિમેટમ

## જો આ સમયગાળાની અંદર નિર્ણય નહીં લેવાય તો દેશભરમાં અનિશ્ચિતકાળની હડતાલ શરૂ કરવાની ચિમકી

નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય કર્મચારીઓ એ દેશમાં જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવા કેન્દ્ર સરકારને છ અઠવાડિયાનું અલ્ટિમેટમ આપ્યું છે. જો આ સમયગાળાની અંદર નિર્ણય નહીં લેવાય તો દેશભરમાં અનિશ્ચિતકાળની હડતાલ શરૂ કરવાની ચિમકી આપી છે.

આજે નવી દિલ્હીમાં યોજાયેલી નેશનલ જોઈન્ટ કાઉન્સિલ ઑફ એક્શન (એનજેસીએ)ના અધિકારીઓની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. એનજેસીએના સંયોજક શિવગોપાલ મિશ્રાએ બેઠકની અધ્યક્ષતા કરી છે. બેઠકમાં જણાવાયું કે, અનિશ્ચિતકાળ માટેની હડતાળની નોટિસ આપવા અને હડતાળની તારીખ જાહેર કરવા બે દિવસની અંદર કમિટીની રચના કરાશે.

કેન્દ્રીય તેમજ વિવિધ રાજ્ય સરકારોના કર્મચારીઓ જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવા ગત વર્ષથી આંદોલન કરી રહ્યા છે. આ માટે ગત વર્ષે ચાર રેલી પણ યોજી હતી. કર્મચારી સંગઠનોએ સરકાર સમક્ષ વાત પહોંચાડવા વિવિધ પ્રયાસો કર્યા છે. ઓપીએસ માટે રચાયેલી એઆઈડીઈએફના સંચાલન સમિતિના વરિષ્ઠ સભ્ય અને એઆઈડીઈએફના મહાસચિવ સી.શ્રીકુમારે કહ્યું કે, લોકસભા ચૂંટણી પહેલા ઓપીએસ લાગુ કરવામાં નહીં આવે તો ભાજપે ગંભીર પરિણામ ભોગવવું પડશે. કર્મચારીઓ, પેન્શનરો અને તેમના સંબંધીઓ થઈ આ સંખ્યા ૧૦ કરોડને પાર પહોંચે છે. આ સંખ્યા ચૂંટણીમાં ઉલટફેર કરવા માટે નિર્ણાયક છે.

શ્રીકુમારે કહ્યું કે, દેશના બે મોટા કર્મચારી સંગઠન રેલવે અને સંરક્ષણ (સિવિલ) દ્વારા અનિશ્ચિતકાળ હડતાળ માટે સહમતી આપી દીધી છે. રેલવેના ૧૧ લાખ કર્મચારીમાંથી ૯૬ ટકા કર્મચારી અનિશ્ચિતકાળ સુધી હડતાળ પર જવા તૈયાર છે. આ ઉપરાંત સંરક્ષણ વિભાગ (સિવિલ)ના ચાર લાખ કર્મચારીમાંથી ૯૭ ટકા કર્મચારીએ પણ હડતાળને સમર્થન આપ્યું છે. સ્ટ્રાઈક બેલેટ હેઠળ ૪૦૦ ડિફેન્સ યુનિટ, ૭૩૪૯ રેલવે સ્ટેશન, વિભાગીય અને ઝોનલ કચેરી, ૪૨ રેલવે વર્કશોપ અને સાત રેલવે પ્રોડક્શન યુનિટ પર ૨૦ અને ૨૧ નવેમ્બરે વોટ નાખવામાં આવ્યા હતા. ઓપીએસ મુદ્દે વિવિધ કેન્દ્રીય કર્મચારી સંગઠનો તેમજ રાજ્યોના એસોસિએશન પણ એક સાથે આવી ગયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંતોષથી મોટું કોઈ સુખ નથી.

- વેદવ્યાસજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૧૪ અમાસનો ક્ષય છે, દર્શ અમાવસ્યા, મૌની અમાવસ્યા તા.૯ ફેબ્રુઆરી ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૮, શ્રવણ નક્ષત્ર, વ્યતિપાત યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૪૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અગત્યની કામગીરીમાં સફળતા મળે. અકારણ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ:પુરૂષાર્થનું શુભ ફળ પામી શકો. વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે.
મિથુન:તમારી આશાઓ ફળતી લાગે. નાણાંકીય વ્યવહાર જળવાઈ રહે.
કર્ક: આવેલ તકનો સદ્ ઉપયોગ કરી લેજો. યાત્રા-મુસાફરી થાય.
સિંહ: આર્થિક પ્રશ્નોનો ઉકેલ લાવી શકો. આરોગ્ય અંગે કાળજી રાખવી.
કન્યા: મિત્રોની મદદ મળી રહે. અણધાર્યો ધન લાભ થાય. ધીરજ રાખવી હિતાવહ.
તુલા: સંતાન વર્ગથી લાભ થાય. નવું નાણાંકીય રોકાણ ન કરવું.
વૃશ્ચિક જીવનસાથીથી લાભ રહે. કાર્યક્ષેત્રમાં અણધાર્યો લાભ મળે.
ધન: હિતશત્રુઓથી સાવચેત રહેવું. તમારા પ્રયત્નો દિપી ઉઠે. સામાજિક કાર્યમાં સફળતા મળે.
મકર: પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ. મધ્યમ દિવસ વ્યતિત થાય.
કુંભ: મહત્વના સંબંધો અણધાર્યો લાભ આપી જાય.
મીન: મનની મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ પસાર થાય.

# દિલ્હી-નોઈડા સરહદ પર ખેડૂત-પોલીસ વચ્ચે ઘર્ષણ

## દલિત પ્રેરણા સ્થળના મુખ્ય દ્વાર પર ભારે બેરિકેડ લગાવીને મોટી સંખ્યામાં પોલીસ દળો દ્વારા ખેડૂતોને અટકાવાયા

નવી દિલ્હી, તા.૯

દિલ્હીમાં ખેડૂતો પોતાની માગને લઈને સંસદ ભવન તરફ કૂચ કરી છે. તેને ધ્યાનમાં રાખીને નોઈડામાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. ખેડૂતો નોઈડામાં મહામાયા ફલાયઓવરથી આગળ વધ્યા હતા. દલિત પ્રેરણા સ્થળના મુખ્ય દ્વાર પર ભારે બેરિકેડ લગાવીને મોટી સંખ્યામાં પોલીસ દળો દ્વારા ખેડૂતોને અટકાવ્યા છે. ખેડૂતો પણ હડતાળ પર બેઠા છે અને દિલ્હી જવાની માગ પર અડગ છે. જો કે, હડતાળ પર બેઠેલા ખેડૂતોની પોલીસે અટકાયત કરી હતી.

ખેડૂતોએ સંસદ ભવનનો ઘેરાવ કરવાની જાહેરાત કરી હતી. ખેડૂતોની મહાપંચાયત અને દિલ્હી કૂચને ધ્યાનમાં રાખીને ગૌતમ બુદ્ધ નગર પોલીસે ટ્રાફિક એડવાઈઝરી જાહેર કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, 'કેટલીક જગ્યાએ રૂટ ડાયવર્ઝન કરવામાં આવ્યું છે. દિલ્હી અને નોઈડાને જોડતા રસ્તાઓ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે.' ખેડૂતો ગ્રેટર નોઈડા ઓથોરિટીની બહાર ઘણાં દિવસોથી દેખાવ કરી રહ્યા છે. તેઓએ ગુરુવારે ઘેરાબંધીની તૈયારી કરી લીધી છે. ખેડૂતોએ કહ્યું હતુ કે, 'દિલ્હી કૂચમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને વૃદ્ધો પણ જોડાશે.' ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિ અનુસાર, 'મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (એમએસપી) માટેની કાયદાકીય ગેરંટી ઉપરાંત, ખેડૂતો સ્વામીનાથન કમિશનની ભલામણો લાગુ કરવા, ખેડૂતો અને ખેતમજૂરો માટે પેન્શન, ખેડૂતોની લોન માફી, પોલીસ કેસ પાછા ખેંચવાની અને લખીમપુર ખેરી હિંસાના પીડિતો માટે ન્યાયની માગ કરવામાં આવી છે.'

### રાજ્યમાં અત્યાર સુધીનો સૌથી મોટો ધર્માંતરણ સમારોહ બની રહેશે

# ગુજરાતમાં આંબેડકર જયંતીના અવસરે ૫૦,૦૦૦ દલિતો બૌદ્ધ ધર્મ અંગીકાર કરશે

અમદાવાદ, તા.૯

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં ૧૪ એપ્રિલના રોજ, એક મહત્વપૂર્ણ સામૂહિક ધર્માંતરણ સમારોહ યોજાનાર છે. જેમાં વિવિધ શહેરો અને નગરોના અંદાજે

૫૦,૦૦૦ દલિતો હિન્દુ ધર્મનો ત્યાગ કરી ઔપચારિક રીતે બૌદ્ધ ધર્મ અપનાવશે. ગાંધી ગ્રાઉન્ડના રામકથા મેદાનમાં યોજાનાર આ કાર્યક્રમ આ પ્રકારનો સૌથી મોટો સમારોહ હશે. આ કાર્યક્રમમાં એક લાખથી વધુ લોકો ભાગ લેશે તેવી અપેક્ષા છે. ડુંગરપુરના આદિવાસી પરિવારો પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.

૨૦૦૬માં રાજકોટમાં ૫૦ સમાન વિચારધારા ધરાવતા દલિત સામાજિક કાર્યકરો દ્વારા સ્થપાયેલી સ્વૈચ્છિક સંસ્થા સ્વયં સૈનિક દળ (SSD) આ સામૂહિક દીક્ષા સમારોહનું આયોજન કરશે. પોરબંદરના મહાન અશોક બુદ્ધ વિહારના બૌધ ભિક્ષુ પ્રજ્ઞા રત્ન સમારોહની અધ્યક્ષતા કરશે અને હજારો સહભાગીઓને દીક્ષા આપશે. SSD અપેક્ષા રાખે છે કે ૨૦૨૮ સુધીમાં દલિત સમુદાયના ૧ કરોડ લોકો બૌદ્ધ ધર્મ અપનાવશે. આયોજકોના જણાવ્યા અનુસાર, લગભગ ૧૫,૦૦૦ લોકોએ પોતપોતાના જિલ્લાઓમાં કલેક્ટર કચેરીઓમાં અરજીઓ દાખલ કરી દીધી છે. આ અરજદારો કોઈપણ લોભ, પ્રલોભન અથવા ધમકી વિના સ્વૈચ્છિક ધર્માંતરણ કરી રહ્યા છે તેની ખાતરી કરવા માટે પોલીસ ચકાસણી કરી રહી છે. ધર્મ પરિવર્તનની પ્રક્રિયામાં રાજ્યના ગેઝેટમાં વિગતો પ્રકાશિત કરવાનો પણ સમાવેશ થાય છે. SSDનું મિશન સામાજિક દુર્ગુણોનો ત્યાગ અને દરેક માટે ગૌરવપૂર્ણ જીવન ઉપર ભાર મૂકતા માનવતાવાદી મૂલ્યોને અપનાવવા ઉપર કેન્દ્રિત છે. SSD સમુદાયોમાં તેમના અધિકારો અને ફરજો વિશે જાગૃતિ લાવવા અને હિંદુ સમુદાયોમાં મોટા પાયે વિભાજનમાં ફાળો આપનાર ધાર્મિક વિધિઓ અને કટ્ટર માન્યતાઓની પોકળતા વિશે સભાનતા વધારે છે. તેઓ લોકોને તેમના બંધારણીય અધિકારો વિશે શિક્ષિત કરીને પ્રોત્સાહિત કરીને સશક્તિકરણ કરવાનો પ્રયાસ કરે છે. સંસ્થાના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર, બૌદ્ધ ધર્મ અપનાવવાનો નિર્ણય સનાતન ધર્મના જાતિ આધારિત ભેદભાવનો ભોગ બનેલા દલિત સમુદાયનું સ્વૈચ્છિક પગલું છે. આ ભાવના બાબા સાહેબના કાર્યોમાં પ્રતિબિંબિત થાય છે, જેમણે પોતે હિંદુ ધર્મનો ત્યાગ કર્યો અને જાતિ પ્રથાને નકારવા માટે બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. SSDનું એક વિશિષ્ટ પાસું એ છે કે તેની પરંપરાગત સંસ્થામાં સત્તાની સ્થિતિનો અસ્વીકાર. તેના કોઈ નિયુક્ત નેતાઓ અથવા પદાધિકારીઓ નથી, અને બધા સભ્યોને સન્માન અને સમાન દરજ્જો આપવામાં આવે છે. આ સંસ્થાના ગોપનીયતા અંગેના કડક નિયમો છે અને તે વ્યક્તિગત નામો જાહેર કરતી નથી.

તાજેતરના વર્ષોમાં, ભારતમાં દલિત સમુદાયના સભ્યોમાં હિંદુ ધર્મનો ત્યાગ કરવા અને બૌદ્ધ ધર્મ અપનાવવાનું વલણ વધી રહ્યું છે. અનુસૂચિત જાતિ અથવા દલિતો અથવા પછાત સમુદાયોના લોકો સામે ભેદભાવ અને અત્યાચાર થાય છે. આ સંદર્ભમાં, બૌદ્ધ ધર્મ અપનાવવું એ જાતિ પ્રથાને નકારી કાઢવા અને ગૌરવ, આદર અને સમાનતાની ભાવના પ્રાપ્ત કરવાના માર્ગ તરીકે જોવામાં આવે છે. SSDના સભ્યો માટે બૌદ્ધ ધર્મ સ્વીકારવાનો નિર્ણય કોઈ વિશિષ્ટ ધાર્મિક વિધિઓ અથવા પૂજા પ્રથાઓ સાથે જોડાયેલો નથી. તેઓ ગૌતમ બુદ્ધ અને બાબા સાહેબના ઉપદેશોને તેમના રોજિંદા જીવનમાં સાકાર કરવાનો પ્રયાસ કરે છે. સહભાગીઓએ ગ્રીન ડ્રેસ કોડનું ફરજિયાતપણે પાલન કરવું પડશે. આયોજકો ટ્રાફિક વ્યવસ્થાપન, પરિવહન વ્યવસ્થા અને સહભાગીઓ માટે તબીબી સુવિધાઓ સહિત દરેક વિગતોનું ધ્યાન રાખે છે. સમારોહમાં હાજરી આપવા માટે હજારો સહભાગીઓને અંદાજે ૮૦૦ બસો દ્વારા ગુજરાતના વિવિધ ભાગોમાંથી ગાંધીનગરમાં સ્થળ ઉપર લઈ જવામાં આવશે. વધુમાં, રેલીમાં લગભગ ૫,૦૦૦ ફોરવ્હીલર્સ હશે, જે વિધાનસભામાં આંબેડકરની પ્રતિમા સુધી જશે. આ સ્થાન ઉપર, શિસ્તબદ્ધ અનુયાયીઓ દ્વારા બાબા સાહેબની ૨૨ પ્રતિજ્ઞાઓ પુનરાવર્તિત કરશે. SSDની ઝાલકારી બ્રિગેડ તરીકે ઓળખાતી મહિલા સ્વયંસેવકો મોટી સંખ્યામાં આવવાની અપેક્ષા છે અને તેઓ મહિલા સહભાગીઓનું સંચાલન કરશે. ભારતમાં દલિતોના અધિકારો માટેનો સંઘર્ષ સદીઓ જૂનો છે.

તાજેતરના વર્ષોમાં નોંધપાત્ર પ્રગતિ હોવા છતાં, જાતિ-આધારિત ભેદભાવ અને અસમાનતા આ સમુદાયો માટે મુખ્ય પડકારો છે, અને હિંદુ રાષ્ટ્રવાદના ઉદયથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. ઐતિહાસિક રીતે તેમના જુલમને ન્યાયી ઠેરવવા માટે ઉપયોગમાં લેવાતા ધર્મને નકારીને, દલિતો તેમના ગૌરવ, સ્વતંત્રતા અને સમાનતાના અધિકાર ઉપર ભાર મૂકે છે અને ભારતમાં જાતિ સર્વોચ્ચતાની પ્રબળ કથાને પડકારી રહ્યા છે. એક અંદાજ મુજબ, ૨૦૨૫ સુધીમાં ૧ કરોડથી વધુ દલિત વસ્તી બૌદ્ધ ધર્મમાં પરિવર્તિત થવાનો અંદાજ છે. એ જ રીતે, SSD એ આંબેડકર જયંતિ ઉપર દિલ્હી, કોલકાતા, બેંગ્લોર, ભોપાલ અને મુંબઈમાં સમાન સામૂહિક ધર્માંતરણ સમારોહનું આયોજન કરવાની યોજના બનાવી છે.

### ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દ્વારા મતદારોના આંકડા જાહેર કરાયા

# દેશની મતદાર યાદીમાં ૧.૬૬ કરોડ લોકોના નામ રદ કરાયા, ૨.૬૮ કરોડ લોકોના નામ ઉમેરાયા

**મતદારોની સંખ્યા વધીને ૯૭ કરોડ થઈ, આસામ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મિઝોરમ, તેલંગાણાની મતદાર યાદીમાં સુધારો કરવામાં આવ્યો નથી**

નવી દિલ્હી, તા.૯

લોકસભા ચૂંટણી પહેલા ભારતીય ચૂંટણી પંચે મતદાર યાદીમાંથી ૧.૬૬ કરોડથી વધુ નામો કાઢીને સુધારેલી યાદીમાં ૨.૬૮ કરોડથી વધુ મતદારોને ઉમેરવામાં આવ્યા છે. મતદારોની સંખ્યા વધીને ૯૭ કરોડ થઈ ગઈ છે.આસામ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, મિઝોરમ અને તેલંગાણાની મતદાર યાદીમાં સુધારો કરવામાં આવ્યો નથી. આ આંકડાઓ ચૂંટણી પંચ દ્વારા ૨ ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટ દ્વારા શેર કરવામાં આવ્યા હતા, જે સેવ ધ કોન્સ્ટિટ્યુશન ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆએલ) ઉપર સુનાવણી કરી રહી છે, જેમાં મતદાર યાદીમાં ડુપ્લિકેટ નામો શોધવા અને દૂર કરવાની માગ કરવામાં આવી હતી. બંધારણ બચાવો ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી હતી. આ અરજીમાં મતદાર યાદીમાંથી ડુપ્લીકેટ નામો કાઢી નાખવામાં આવે અને તેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. પીઆઈએલની સુનાવણી કરતી સીજેઆઈ ડી.વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ખંડપીઠે ચૂંટણી પંચ પાસેથી વિગતો માગી હતી. ચૂંટણી પંચે એવા લોકોના આંકડા રજૂ કર્યા જેમના નામ મૃત્યુ અથવા નામના રિપીટ થવાને કારણે મતદાર




યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. આ મામલે આગામી સુનાવણી ૧૨મી ફેબ્રુઆરીએ કરવામાં આવશે. એડવોટેક અમિત શર્માએ સુપ્રીમ કોર્ટમાં ચૂંટણી પંચની એફિડેવિટ રજૂ કરતા કહ્યું કે, 'પહેલી જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં કુલ ૨,૬૮,૮૬,૧૦૯ નવા મતદારો ઉમેરવામાં આવ્યા છે, જ્યારે ૧,૬૬,૬૧,૪૧૩ નામ લોકોના મૃત્યુ, ડુપ્લિકેશન અથવા અન્ય જગ્યાએ સ્થળાંતર થવાને કારણે દૂર કરવામાં આવ્યા છે. હાલમાં દેશમાં ૯૬,૮૨,૫૪,૫૬૦ મતદારો નોંધાયેલા છે. તેમાંથી ૧.૮૩ લોકો ૧૮થી ૧૯ વર્ષની વયજૂથના છે જેઓ પ્રથમ વખત મતદાન કરશે.

# રાજ્યના પાંચ લાખ કર્મચારીઓ જૂની પેન્શન યોજના મુદ્દે ફરી એકવાર આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૯


રાજ્યમાં પાંચ લાખ કર્મચારીઓનો વણ ઉકેલો પ્રશ્ન એટલે જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગણી.નેશનલ ઓલ્ડ પેન્શન રીસ્ટોરેશન યુનાઈટેડ ફ્રન્ટ સંગઠન ગુજરાત રાજ્ય દ્વારા રાજ્યમાં npsના સ્થાને જૂની પેન્શન યોજના અમલ કરવા માટે થઈને ખાસ આંદોલનની રણનીતિ નક્કી કરવામાં આવી છે. આગામી લોકસભાની ચૂંટણી પહેલા રાજ્યના ચાર લાખથી વધારે કર્મચારીઓ જૂની પેન્શન યોજના લાગુ કરવા અને નવી પેન્શન યોજનાની રદ કરવા માટે જિલ્લા કક્ષાએ વિવિધ રીતે વિરોધ પ્રદર્શન કરશે. અગાઉ પણ ઘણીવાર નવી પેન્શન યોજના બંધ કરવા રાજ્ય સરકારને આવેદન આપવામાં આવ્યા છે.જોકે હજુ પણ આ પ્રશ્ન વણ ઉકેલ્યો છે. જેના કારણે થઈને આગામી દિવસોમાં તારીખ ૧૦-૨-૨૦૨૪ સુધી જિલ્લા કક્ષાની દરેક ટીમ જિલ્લા કક્ષાએ એક બેઠકનું આયોજન કરશે જેમાં દરેક કલેકટર ધારાસભ્ય અને સંસદ સભ્યને જ લાગુ કરવા આવેદન પત્ર આપવામાં આવશે. ત્યારબાદ ફેબ્રુઆરી માસના છેલ્લા અઠવાડિયામાં રાજ્યકક્ષાનો મોટો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૮-૩- ૨૦૨૪ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નારી શક્તિના માટે પોસ્ટર અભિયાન પણ કરવામાં આવશે. તારીખ ૧૨-૩ ૨૦૨૪ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધીની પેન્શન સંકલ્પ યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હવે શિક્ષકો સરકાર સામે લડી લેવાના મૂડમાં છે અને જ્યાં સુધી નવી પેન્શન યોજના રદ નહીં થાય અને જૂની પેન્શન યોજના લાગુ નહીં થાય ત્યાં સુધી આ પ્રકારના આંદોલન કરવામાં આવશે.જેમાં રાજ્યના પાંચ લાખ જેટલા કર્મચારીઓ જોડાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જુની પેન્શન યોજના રદ કરીને નવી પેન્શન યોજના ને લાગુ કરવામા આવી છે આથી નવી પેન્શન યોજનાના પગલે નિવૃત્તિ સમયે કર્મચારીઓને માનસિક રૂપિયા ૧૦૦૦થી ૪૫૦૦ જેટલું જ પેન્શન મળે છે જે નિવૃત્તિ સમય માં જે તે કર્મચારીનું ગુજરાત ચલાવવા માટે ખૂબ જ કાઠું છે આથી નિવૃત્તિના સમયમાં ગુજરાત કરવા માટે નિવૃત્ત કર્મચારીઓને મજૂરી કે અન્ય જગ્યાએ નોકરી કરવાની ફરજ ના પડે એટલા માટે નવી પેન્શન યોજનાને રદ કરીને જુની પેન્શન યોજના લાગુ કરવા માટે માંગણી કરવામાં આવી છે. તેથી નેશનલ ઓલ્ડ પેન્શન રેસ્ટોરેશન યુનાઈટેડ ફ્રન્ટ ગુજરાત રાજ્ય દ્વારા કેન્દ્ર સરકારમાં જૂની પેન્શન યોજના ને લાગુ કરવા માટે માંગ ઉઠી છે અને જો તેમની આ માંગણી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વહેલામાં વહેલી તકે પૂરી કરવામાં નહીં આવે તો તેઓ જિલ્લા કક્ષાથી લઈને નેશનલ કક્ષા સુધી વિરૂધ્ધ પ્રદર્શનના કાર્યક્રમો યોજવાની તૈયારી બતાવી છે.

# BAPSના મહંત સ્વામી મહારાજ અબુધાબી પહોંચ્યા

નવી દિલ્હી, તા.૯

બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)ના વડા મહંત સ્વામી મહારાજ અબુધાબી પહોંચ્યા હતા. બીએપીએસ સંસ્થાએ જણાવ્યું હતું કે મહંત સ્વામી મહારાજ સ્ટેટ ગેસ્ટ તરીકે અબુ ધાબી પહોંચ્યા હતા. તેઓ યુએઈના પ્રથમ હિંદુ મંદિરનું ઉદ્ઘાટન કરશે. અરબી શૈલીમાં તેમનું અહી સ્વાગત કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુધાબીમાં પ્રથમ પરંપરાગત હિન્દુ મંદિરનું ઉદ્ઘાટન કરાશે. BAPS સંસ્થાનું મંદિર UAEનું સૌથી મોટું મંદિર હશે. પથ્થરોમાંથી બનેલા આ મંદિર ઉપર કોતરણી પણ કરવામાં આવી છે. આ મંદિરનું ઉદ્ઘાટન ૧૪મી ફેબ્રુઆરીએ થવા જઈ રહ્યું છે, જેમાં BAPS સ્વામિનારાયણ સંસ્થાના વર્તમાન આધ્યાત્મિક ગુરુ, મહંત સ્વામી મહારાજ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેશે. આ મંદિર ૧૮ ફેબ્રુઆરીથી સામાન્ય લોકો માટે ખોલવામાં આવશે. હાલમાં જ આ મંદિરની તસવીરો સામે આવી છે UAEમાં બનેલા હિન્દુ મંદિરનું નામ BAPS હિન્દુ મંદિર છે, જેનું નિર્માણ સ્વામિનારાયણ સંસ્થા BAPS દ્વારા કરવામાં આવ્યું છે. આ મંદિર ૨૭ એકર જમીન પર બનેલું છે, જે UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન દ્વારા દાનમાં આપવામાં આવી હતી. UAEમાં બની રહેલા મંદિરનું કામ પૂર્ણ થઈ ગયું છે, આ મંદિરની ડિઝાઈન વર્ષ ૨૦૧૮માં બનાવવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૯માં તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ મંદિર ભારતના કારીગરો દ્વારા બનાવવામાં આવ્યું છે. તેની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે, જેમાં ૪૦ હજાર ક્યુબિક મીટર માર્બલ અને ૧૮૦ હજાર ઘન મીટર સેન્ડસ્ટોનનો સમાવેશ થાય છે. આ મંદિર બનાવવા માટે વૈદિક સ્થાપત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિરમાં બે ભવ્ય ગુંબજ બનાવવામાં આવ્યા છે. જેને સદભાવનાનો ગુંબજ અને શાંતિનો ગુંબજ કહેવામાં આવે છે. આ મંદિરમાં સ્વામિનારાયણ, રામ, સીતા, કૃષ્ણ અને અયપ્પન સહિત હિન્દુ દેવતાઓની સ્થાપના કરવામાં આવશે. તેમાં સાત શિખરો બનાવવામાં આવ્યા છે. મંદિરમાં વપરાયેલ પથ્થરોની કોતરણી ઉપર હિન્દુ મંદિરની ઝલક જોવા મળે છે.

# રાજ્યમાં નોંધાતા યાયાવર પક્ષીઓની ૨૦ ટકા પ્રજાતિઓ મહીસાગર જિલ્લામાં નોંધાઈ



સંતરામપુર, તા.૯

વિશ્વ સમક્ષ પર્યાવરણની જાળવણી એક પડકાર ઉભો થયો છે. બદલાતા પરિમાણો અને તેને પગલે સર્જાતા પરિણામોથી આજે વેટલેન્ડના અસ્તિત્વ સામે પણ અનેક પડકારો ઉભા થયા છે. તેથી તેની સુરક્ષા અને સંવર્ધનની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. ત્યારે જળપ્લાવિત વિસ્તારોના સંરક્ષણ અને વિકાસ માટે વેટલેન્ડને સંરક્ષિત બનાવી રાખવાનાં ઉદ્દેશ્યથી દર વર્ષે બે ફેબ્રુઆરી વર્લ્ડ વેટલેન્ડ ડેની ઉજવણી થાય છે આ તકે મહીસાગર જિલ્લા નાયબ વન સંરક્ષક નેવિલ ચૌધરીએ જણાવ્યું હતું કે આ વર્ષે વેટલેન્ડની થીમ છે "વેટલેન્ડ એન્ડ હ્યુમન વેલબીઈંગ" વેટલેન્ડ માત્ર પક્ષીઓ માટે જ નહિ પરંતુ માણસો માટે પણ ખૂબ અગત્યના છે તે સ્થાનિક વપરાશ તેમજ સિંચાઈના ઉપયોગ માટે પાણી આપે છે. તેઓ ભૂગર્ભ જળના તળ ઉપર લાવવામાં પણ મદદરૂપ થાય છે. વેટલેન્ડ પાણીની અછત અને આહાર સંબંધિત પાણીની જરૂરીયાતો પરીપૂર્ણ કરે છે અને પ્રકૃતિ તંત્રની અનેક પ્રકારે સેવા કરે છે પરંતુ આ વર્ષ વિશેષ એટલા માટે છે કે આ વખતે મહીસાગર જિલ્લાની સાથે સાથે સમગ્ર રાજ્યમાં વેટલેન્ડ બર્ડસની ગણતરી કરવામાં આવી હતી અને આ ગણતરી બે તબક્કામાં કરી હતી જેમાં પ્રાથમિક તબક્કામાં ડિસેમ્બર મહિનામાં એની શરૂઆત કરી હતી અને તેમાં મહીસાગર જિલ્લાના ૩૭ જલપ્લાવિત વિસ્તારો ગણતરીમાં લેવામાં આવ્યા હતા તેનાથી જે અંદાજ મળ્યો તેના આધારે મહીસાગર જિલ્લાનું મોટું વેટલેન્ડ લુણાવાડા તાલુકાના વરધરી પાસે આવેલ સ્વરૂપ સાગર લેકને મુખ્ય ગણતરીમાં લેવામાં આવ્યું હતું. આ ગણતરી ૨૭ અને ૨૮ જાન્યુઆરી એમ બે દિવસ ચાલી હતી. જેમાં અંદાજિત ૪૦૦ હેક્ટરના આખા તળાવને નાયબ વન સંરક્ષક નેવિલ ચૌધરી અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર વૈભવ હારેજાના માર્ગદર્શનમાં ચાર કાઉન્ટિંગ ઝોનમાં વિભાજીત કરી દરેક કાઉન્ટિંગ ઝોનમાં ટીમ લીડર ફોરેસ્ટર સાથે અન્ય બીટગાર્ડસ અને પક્ષી વિદો એમાં જોડાયા હતા સમગ્ર બે દિવસની પક્ષી ગણતરીના જે આંકડા આવ્યા છે એ જોતા કુલ અંદાજિત ૭૫ જેટલી પક્ષીઓની જાતો નોંધવામાં આવી છે અને એની સંખ્યા દસ હજારને પણ પાર કરી ચુકી છે એ સમગ્ર રાજ્યમાં જોવા મળતાં યાયાવર પક્ષીઓની ૨૦ ટકા પ્રજાતિઓ જિલ્લામાં નોંધાઈ છે. જેમાં રેસીડેન્ટ પ્રજાતિ કોમન કૂટ, ગ્રીપ્સ, કોર્મોરેન્ટસ, ડાર્ટ્સ, હેરોન, કોમ્બ ડક સહિત યાયાવર પ્રજાતિમાં શોવેલર, ગાર્ડવોલ, પીટેલ, વિજીઓન, પોચાર્ડ જેવી અનેકવિધ પ્રજાતિ જોવા મળી જેમાં લુપ્ત થતી પ્રજાતિ રેડ ક્રેસટર્ડ પોચાર્ડ અને ગાજ હંસે મુખ્ય આકર્ષણ હતું. આ ઉપરાંત મોટા યાયાવર પક્ષી સારસ ક્રેનથી માંડીને ફલેમિંગો પણ જિલ્લાની મુલાકાતે અવારનવાર આવતા હોય છે.

# દ્વારકાના દરિયાઈ વિસ્તાર અને માર્ગો ઉપર CCTVથી નજર રખાશે

દ્વારકા, તા.૯

રાજ્યમાં અવારનવાર ગુનાહિત પ્રવૃતિઓ સામે આવતી હોય છે. જેને રોકવા માટે ગુજરાત પોલીસ તેમજ સરકાર અવનવા પ્રયત્નો હાથ ધરતી હોય છે. ત્યારે દ્વારકામાં પણ દ્વારકા પોલીસે સુરક્ષા માટે વધુ એક પ્રયત્ન કર્યો છે. દ્વારકામાં દરિયાઈ પટ્ટીમાં ગુનાહિત પ્રવૃતિઓને ડામવા જિલ્લા પોલીસે હાઈટેક પ્લાન તૈયાર કર્યો છે. પોલીસે સંવેદનશીલ દરિયાઈ વિસ્તારોમાં સોલાર કેમેરા નેટવર્ક ઉભું કર્યું છે. સલાયાના અનેક લોકેશન ઉપર કેમેરા લગાવવામાં આવ્યા છે. જે સૂર્યના કિરણોથી ચાલશે. આ દરિયાઈ વિસ્તારમાં ભૂતકાળમાં ડ્રગ્સ, હથિયાર, દાણચોરી સહિતના અનેક ગુનાઓ નોંધાયા છે. જેને લઈને પોલીસે સતર્કતા વધારી સતત પેટ્રોલિંગ હાથ ધર્યું છે. પોલીસ દ્વારા ફિશિંગ બોટનું અવારનવાર ચેકિંગ કરાઈ રહ્યું છે. ત્યારે હવે પોલીસ દરિયાઈ વિસ્તાર ઉપર CCTVથી ચાંપતી નજર રાખશે. જેના કારણે ગુન્હાહીત પ્રવૃત્તિ ઓછી થશે અનો આ સીસીટીવીનું મોનિટરિંગ પોલીસના ઉચ્ચ અધિકારીઓ કરશે.

# PMOએ ભ્રામક જાહેરાતો કરવા માટે પતંજલિ વિરૂધ્ધ કાર્યવાહીનો નિર્દેશ આપ્યા

નવી દિલ્હી, તા.૯

પીએમઓએ આયુષ મંત્રાલયને બાબા રામદેવનધ્ પતંજલિ આયુર્વેદ વિરૂધ્ધ આયુષ ઉત્પાદનોની ભ્રામક જાહેરાતો સાથે સંબંધિત કાયદાના ઉલ્લંઘન માટે 'યોગ્ય પગલાં' લેવાનો નિર્દેશ આપ્યો છે. આયુષ મંત્રાલયને PMOના આ નિર્દેશને પગલે, મંત્રાલયે ઉત્તરાખંડ આયુષ વિભાગને ફેબ્રુઆરી ૨૦૨૨થી પેન્ડિંગ મામલા ઉપર 'યોગ્ય પગલાં લેવા' કહ્યું છે. આયુષ મંત્રાલય અને ઉત્તરાખંડ રાજ્ય લાઈસન્સિંગ ઓથોરિટી (SLA) બંનેએ આ બાબતે અનેક RTI હોવા છતાં ડાયાબિટીસ, સ્થૂળતા, થાઈરોઈડ અને હૃદય રોગ માટે પતંજલિ આયુર્વેદની તેની દવાઓની ભ્રામક જાહેરાતો ઉપર એકબીજા ઉપર આક્ષેપ કરી રહ્યા હતા. આયુષ મંત્રાલયે નિયામક, આયુર્વેદિક અને યુનાની સેવાઓ, દેહરાદૂન, ઉત્તરાખંડને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, દિવ્યા ફાર્મસી દ્વારા ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ (વાંધાજનક જાહેરાત) એક્ટ, ૧૯૫૪ના ઉલ્લંઘનને લગતો હોવાથી તે રાજ્ય લાયસન્સિંગ ઓથોરિટી, ઉત્તરાખંડના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. તેથી આ બાબતની તપાસ કરવા અને યોગ્ય લાગે તે પ્રમાણે જરૂરી પગલાં લેવા વિનંતી કરવામાં આવે છે અને આ મંત્રાલયને સૂચના હેઠળ અરજદારને તમારા પ્રતિભાવની જાણ કરવી જોઈએ. પતંજલિ આયુર્વેદ દ્વારા DMR (OA) અધિનિયમ, ૧૯૫૪ના ઉલ્લંઘન અંગે ૧૫ જાન્યુઆરીના રોજ આરટીઆઈ કાર્યકર્તા ડો.કે.વી. બાબુએ વડાપ્રધાન કાર્યાલય (PMO)ને ફરિયાદ કર્યા પછી ઉત્તરાખંડ SLAને નિર્દેશો આપવામાં આવ્યા છે. બાબુએ કહ્યું કે, હું આ હસ્તક્ષેપ માટે PMOનો આભારી છું અને આશા રાખું છું કે, પતંજલિ આયુર્વેદ દ્વારા ગેરકાયદેસર જાહેરાતોને બંધ કરવામાં આવશે. બાબુએ જણાવ્યું કે, ફેબ્રુઆરી ૨૦૨૨થી તેમની ફરિયાદો ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI), કેન્દ્રીય આયુષ મંત્રાલય અને ઉત્તરાખંડના SLA પાસે પેન્ડિંગ છે. આયુષ મંત્રાલયે ઉત્તરાખંડ એસએલએને પતંજલિ સામે પગલાં લેવા માટે ઓછામાં ઓછા ચાર વખત પત્ર લખ્યો છે, પરંતુ કંઈ કરવામાં આવ્યું નથી. બાબુએ કેન્દ્રીય આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલ સાથે પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો. બે સંસદસભ્યો- ડો.વી. શિવદાસન અને કાર્તિ પી. ચિદમ્બરમે પણ ગયા વર્ષે આ મામલો ઉઠાવ્યો હતો અને આયુષ મંત્રીએ કહ્યું કે, ઉત્તરાખંડ સરકારને આવી ગેરમાર્ગે દોરતી જાહેરાતો માટે પતંજલિ આયુર્વેદ સામે પગલાં લેવાનો નિર્દેશ પણ આપ્યો હતો. ગયા વર્ષે ૨૮ માર્ચે એક લેખિત જવાબમાં સોનોવાલે કહ્યું હતું કે, ૨૦૨૨માં આયુષ મંત્રાલયે દિવ્યા મધુગ્રિત (૧૫ ઉલ્લંઘન), દિવ્યા લિપિડોમ (૭ ઉલ્લંઘન), દિવ્યા એગ્રીટ ગોલ્ડ (૧૦ ઉલ્લંઘન) અને દિવ્યા બીપીગ્રિત (૧૮ ઉલ્લંઘન)ની જાહેરાતો ફોરવર્ડ કરી હતી અને યુનાની સર્વિસીસ, ઉત્તરાખંડ આ જાહેરાતો પાછી ખેંચવા માટેના મામલાની તપાસ કરશે. બાબુએ આયુષ મંત્રાલયને લખ્યું હતું કે, પતંજલિએ વ્યાપક રીતે પ્રસારિત પ્રાદેશિક અખબારોમાં આવી ભ્રામક જાહેરાતો પ્રકાશિત કરી હતી.

# સ્ટેટ હાઈવેનાં કામમાં ખર્ચાતા પાણીની જેમ પૈસાની માફક રોડ પણ પાણીનાં રેલા જેવો બન્યો !

## બેટ-દ્વારકાના સિગ્નેચર બ્રીજનાં ઉદઘાટન માટે વડાપ્રધાનની મુલાકાત અન્વયે ચાલતા સ્ટેટ હાઈવે રોડ કામ માં લોટ-પાણી-લાકડા !?



(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા તા.૯

આગામી પખવાડિયે વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાનું સ્વપન્ સાકાર કરવા જેનું શીલા રોપણ કરેલ તેવા દેશ નાં એક માત્ર ઓવર ધ સી બ્રીજ "સિગ્નેચર બ્રીજ" નું ઉદઘાટન કરવા આવી રહ્યા છે. ત્યારે તેમની શિલાન્યાસ ની વિધિ દ્વારકા થી વર્ચ્યુલ ઓનલાઈન કરવામાં આવેલ તેવી જ રીતે લોકાર્પણ ની વિધિ દ્વારકા થી વર્ચ્યુલ ઓનલાઈન કરવામાં આવે કે તે બેટ-દ્વારકા દર્શાનાર્થે જાય તે નક્કી નાં હોય તંત્ર દ્વારા તેમના બેટ-દ્વારકા નાં આગામન ની તૈયારીઓ કરવામાં આવી રહેલ છે ત્યારે દ્વારકા થી બેટ-દ્વારકા જવા માટે ફક્ત એક જ સ્ટેટ હાઈવે નંબર ૨૫ આવેલ છે અને તેને આગામી સમય માં નેશનલ હાઈવે માં ફેરવવા માટે ની કાર્યવાહી ચાલુ છે અને તેનું પ્રાથમિક કાર્ય ચાલી રહ્યુ છે જે દરમિયાન આ વડા પ્રધાન શ્રી નો દ્વારકા નો પોગ્રામ નક્કી થતા અને તેમાં બેટ-દ્વારકા ને ઓખા સાથે રાહ રસ્તે જોડતો ઓવેર ધ સી "સિગ્નેચર બ્રીજ" નું કામ પૂર્ણ થયેલ હોય તેનો લોકાર્પણ નો કાર્યક્રમ પણ સાથે સાથે ગોઠવતા તંત્ર ઊંધા માથે તૈયારી માં લાગી ગયું છે અને ઓચિંતો રોડ શો યોજી હાઈવે દ્વારા બેટ-દ્વારકા જવા માટે નો પોગ્રામ બને તો આ જે નેશનલ હાઈવે બનનાર છે તેની હાલ માં રૂડો-રૂપાળો દેખાડવા માટે બે વર્ષ પહેલા પડેલા જોરદાર વરસાદ બાદ બનાવાયેલા નવા રોડ ની હાલત ખાડા-ટેકરા વાળી બની ગયેલ હોય તેને નેશનાલ હાઈવે માં પરિવર્તિત કરવાનો હોય કોઈ કામ થતું નાં હતું તેના પર હાલ યુદ્ધ નાં ધોરણે કરોડો રૂપિયા નાં ખર્ચે સોફ્ટ-લેયર લગાવવાનું કામ કરવામાં આવી રહ્યું છે.

જે કામ તાત્કાલિક કરવાનું હોય તેમાં પાણી ની માફક પ્રજા નાં ટેક્ષ નાં પૈસા ખર્ચાઈ રહ્યા છે ત્યારે આ રોડ પણ પાણી નાં વહેણ જેમ જ્યાં જગ્યા મળે ત્યાં આડા-અવળા માર્ગે થઈ પોતાનો રસ્તો કાઢતા હોય તેમ અહીં આ ઓખા-દ્વારકા સ્ટેટ હાઈવે નંબર ૨૫ નું કામ પણ તેવું થતું હોય તે સામેલ ફોટા માં સ્પષ્ટ દેખાય છે જે આ રોડ નું કામ કેટલી હલકી કક્ષા નું અને કોઈ લાઈન-લેવલ વગર નું ફક્ત દેખાવ પુરતું કરવામાં આવી રહ્યા નું જણાય છે. ત્યારે આજ એજેન્સી દ્વારા આગામી દિવસો માં આજ રોડ ને નેશનલ હાઈવે માં બદલવાનું કામ થનાર છે ત્યારે તેની ગુણવતા જળવાઈ રહે તેવું મોનીટરીંગ કરવાની માંગણી પ્રજામાં ઉઠવા પામેલ છે.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન માટે ગર્વની ક્ષણો : સ્પોર્ટસ્ટાર એસેસ એવોર્ડ ૨૦૨૪ સમારોહમાં શ્રેષ્ઠ ક્લબ, સ્ટેટ ટીમ ઓફ ધ યર એવોર્ડથી નવાજવામાં આવ્યા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૯

દિગ્ગજ સુનિલ ગાવસ્કરની અધ્યક્ષતાવાળી જ્યુરીએ વ્યક્ત કર્યુ હતું કે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશને ભારતીય ડોમેસ્ટિક ઈકોસિસ્ટમમાં સતત સફળતા મેળવી છે જેણે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને વર્ષનો શ્રેષ્ઠ પરફોર્મર બનાવ્યો છે. કેટેગરીમાં અન્ય નામાંકિત ચેન્નાઈ સુપર કિંગ્સ – ક્રિકેટમાં CSK, ફૂટબોલમાં મોહન બાગાન અને વોલીબોલમાં અમદાવાદ ડિફેન્ડર્સ હતા. મુંબઈની તાજમહેલ હોટેલમાં આજે સ્પોર્ટસ્ટાર એસેસ એવોર્ડ સમારોહ યોજાયો હતો.

જયદેવ શાહ, પ્રમુખને પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો હતો. પુરસ્કાર પ્રાપ્તિ પર, શ્રી જયદેવ શાહે વ્યક્ત કર્યું, "હું જ્યુરી, સ્પોર્ટસ્ટાર અને હિંદુ ગ્રૂપનો સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનને માન્યતા આપવા અને શ્રેષ્ઠ રાજ્ય ટીમનો એવોર્ડ આપવા બદલ આભાર માનું છું. સૌ પ્રથમ, ખેલાડીઓ અને ટીમોને સારૂ પ્રદર્શન કરવામાં મદદરૂપ થાય તેવી વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ બનાવવા માટે એસોસિએશનના પિતાશ્રી નિરંજન શાહની નિષ્ઠાપૂર્વક પ્રશંસા. હું તેના બદલે કહીશ કે ઘણી બધી સીઝનમાં પ્રતિષ્ઠિત રણજી ટ્રોફી જીતવા માટે અમને મુંબઈ ક્રિકેટ એસોસિએશન તરફથી પ્રેરણા મળી છે; અને અલબત્ત સુનીલ ગાવસ્કરજી જેવા ક્રિકેટના દિગ્ગજો પાસેથી પ્રેરણા લઈને જેમણે ભારતના આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ક્રિકેટમાં ઘણી કીર્તિઓ લાવી છે."

ટ્રોફી સાથેના પ્રમાણપત્રમાં લખ્યું છે, "ક્રિકેટીંગ લેન્ડસ્કેપમાં ૨૦૨૩માં એક નોંધપાત્ર પ્રકરણ જોવા મળ્યું, કારણ કે સૌરાષ્ટ્ર પ્રતિષ્ઠિત ટાઈટલ જીતીને એક પ્રભાવશાળી શક્તિ તરીકે ઉભરી આવ્યું હતું.

રણજી ટ્રોફીની જીતે માત્ર લાંબા ફોર્મેટમાં સૌરાષ્ટ્રનું વર્ચસ્વ દર્શાવ્યું જ નહીં પરંતુ પ્રચંડ ક્રિકેટિંગ યુનિટ તરીકેની તેમની સ્થિતિને પણ મજબૂત બનાવી છે.

૨૦૨૨-૨૩ની સિઝન સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન માટે અસાધારણ રહી છે. સ્થાનિક ક્રિકેટની ત્રણ મુખ્ય ટ્રોફી, રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી અને રાજ્ય છ અન્ડર ૨૫ ટ્રોફી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા જીતવામાં આવી હતી.

# દ્વારકામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચાલકોની આંખની તપાસણી કરાઈ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

દેવભૂમિ દ્વારકા જિલ્લાના એસપી નિતેશ પાંડેયની સુચના મુજબ તેમજ ના.પો.અધિક્ષક હાર્દિક પ્રજાપતિ, ખંભાળિયા વિભાગના સુપરવિઝન હેઠળ જીલ્લા ટ્રાફિક શાખા પીએસઆઈ વી.એમ.સોલંકી તથા ટ્રાફિક પોલીસ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૪ અંતર્ગત ખંભાળિયા- જામનગર હાઈવે રોડ ટોલનાકા પાસે ફ્રી આઈ ચેક અપ તથા ચશ્મા વિતરણ નો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં એસટી બસ ડ્રાઈવર તથા ટ્રક ચાલકો તથા અન્ય વાહન ચાલકો એમ કુલ ૧૭૬ વાહન ચાલકોની આંખના ડોક્ટર શ્રી રાયમગીયા તથા તેઓની ટીમ દ્વારા આઈ ચેકઅપ તથા ચેક અપ દરમિયાન ૫૮ જેટલા વાહન ચાલકોને નંબર જણાતા ફ્રીમાં ચશ્મા વિતરણ કરવામાં આવેલ તેમજ વાહન ચાલકોને ટ્રાફિક રૂલ્સ બાબતે અવેરનેસ આવે તે માટે ટ્રાફિક રુલ્સ અંગેની પત્રિકાઓનું પણ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ખંભાળિયા આરટીઓ અધિકારીશ્રી તથા ડેપો મેનેજરશ્રી એસટી વિભાગ ખંભાળિયા તેમના સ્ટાફ સાથે તથા લાયન્સ ક્લબ, મહિલા મંડળ ખંભાળિયા તથા લેડીઝ ચેમ્બર ઓફ ખંભાળિયા તથા રઘુવંશી મહિલા મંડળ ના સભ્યો હાજર રહેલ.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલમાં રવિવારે નિદાન કેમ્પનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયામાં જામનગર માર્ગ પર આવેલી માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે રવિવાર તારીખ ૧૧ મીના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી નેત્રરોગ તથા સર્વરોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં યુ.કે. સ્થિત શ્રીમતી નિરંજનાબેન ચંદ્રવદન મોદીનો આર્થિક સહયોગ સાંપડ્યો છે. નેત્ર કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને વીરનગર ખાતે મોતિયાનું ઓપરેશન વિનામૂલ્યે કરી આપવામાં આવશે. જેનો લાભ લેવા માનવસેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા ખંભાળિયા તથા આસપાસના દર્દીઓને અપીલ કરવામાં આવી છે.

# જામનગર નજીક મોટી ખાવડીમાં આવેલા રીલાયન્સ મોલમાં આગ લાગતા દોડધામ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

જામનગર નજીક મોટી ખાવડીમાં આવેલા રિલાયન્સ મોલમાં ગઈકાલે કામકાજ પૂર્ણ કરીને મોલ બંધ થયા બાદ આગ લાગી હતી. તેમાં કોઈ જાનહાની થઈ નથી કે કોઈને ઈજા થઈ નથી. આર.આઈ.એલ.ના ફાયર ટેન્ડરની સાથે જામનગર ડિસ્ટ્રીક્ટ ઓથોરીટી અને ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી ગયા હતા અને તેઓ આગને કાબુમાં લાવવા પ્રયાસ કરી રહ્યા છે. આગના કારણની તપાસ કરવામાં આવશે.

# જેસીઆઈ જુનાગઢ દ્વારા કિશોરભાઈ ચોટલીયાને જન્મદિવસની શુભેચ્છાઓ



જૂનાગઢ તા.૯

કિશોરભાઈ ચોટલીયા કે જે જુનાગઢ જેસીઆઈ ના ડાયરેક્ટર તેમજ અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા છે તેઓ મહામંત્રી મહાગુજરાત વાલી મંડળ જુનાગઢ એડવાઈઝર ક્લોથ એન્ડ રેડીમેન્ટ એસોસિયન ટ્રસ્ટી શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જુનાગઢ ટ્રસ્ટી અને ખજાનચી શ્યામ વિદ્યાલય જુનાગઢ તથા કડિયા કુંભાર કન્યા છાત્રાલય જુનાગઢ, કારોબારી સભ્ય શ્રી અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ વડોદરા, પૂર્વ પ્રમુખ જેસીઆઈ જુનાગઢ, ડાયરેક્ટર જેસીઆઈ જુનાગઢ સભ્ય શ્રી જિલ્લા બક્ષીપંચ છાત્રાલય જુનાગઢ, કારોબારી સદસ્ય શહેર ભાજપ (પૂર્વ મંત્રી બે ટર્મ્સ), કન્વીનર શ્રી શ્યામ મહિલા મંડળ જુનાગઢ, સદસ્ય સત્યમ યુવક મંડળ જુનાગઢ, સતાધાર શ્રી આપાગીગા ની જગ્યા, શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ જેવી ધાર્મિક સંસ્થાના કોઈપણ ધાર્મિક તેમજ સામાજિક કાર્યક્રમમાં સેવામાં હંમેશા સક્રિય એવા કિશોરભાઈ ચોટલીયાને આજે તેમના જન્મ દિવસ નિમિત્તે જેસીઆઈ જુનાગઢ પરિવાર દ્વારા ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

### :: અવસાન નોંધ ::

રાજકોટ : લુહાર કૈલાસભાઈ પ્રફુલભાઈ ચિત્રોડાના ધર્મપત્ની ખુશ્બુબેન (ખુશી)કૈલાસભાઈ ચિતરોડા(ઉ.વ.૩૪)તે પ્રફુલભાઈ રતીભાઈ ચિત્રોડા અને નયનાબેનના પુત્રવધુ, નલીનભાઈ અને ભાવનાબેનના ભત્રીજાવહુ, નક્ષના મમ્મી, જાનકીબેન નિશાંતકુમાર કારેલિયા, જયના અને શિવાનીના ભાભી તેમજ જયેન્દ્રભાઈ વલ્લભભાઈ વાઘેલાના દિકરી, જલ્પેશ, જશ્મીનના બહેનનું તા.૪-૨-૨૦૨૪ રવિવારના રોજ અક્ષરવાસ થયેલ છે. તેમનું બેસણું તા.૯-૨-૨૦૨૪ શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન સહકારેશ્વર મહાદેવ મંદિર, સહકાર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# ખંભાળિયાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં શાળાના સંચાલકે વિદ્યાર્થીને થપ્પડ મારી

## શાળા પ્રશાંસને માફીનામુ લખી ભવિષ્યમાં આ પ્રકારની ઘટના નહીં બને તેવી ખાતરી આપી છે

ખંભાળિયા, તા.૯

દેવભૂમિ દ્વારકાના ખંભાળિયાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓને મારમારવાની ઘટના સામે આવી છે. વર્ગખંડમાં શાળા સંચાલકે વિદ્યાર્થીને થપ્પડ માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ થપ્પડ મારવાની ઘટનાના CCTV સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.દેવભૂમિ દ્વારકાના ખંભાળિયાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓને મારમારવાની ઘટના સામે આવી છે. વર્ગખંડમાં શાળા સંચાલકે વિદ્યાર્થીને થપ્પડ માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ થપ્પડ મારવાની ઘટનાના CCTV સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. શાળા પ્રશાંસને માફીનામુ લખી ભવિષ્યમાં આ પ્રકારની ઘટના નહીં બને તેવી ખાતરી આપી છે. બીજી તરફ અમદાવાદમાં DEO દ્વારા શાળાના બાળકો માટે નવી પહેલ કરવામાં આવી છે. અમદાવાદની ૧૦૦ શાળાઓમાં 'સંવેદના બોક્સ' મૂકવામાં આવ્યા છે. તેમજ 'સંવેદના બોક્સ' મારફતે વિદ્યાર્થીઓ વ્યક્તિગત પ્રશ્નો પૂછી શકે છે. બોક્સમાં આવતા પ્રશ્નોના નિકાલ માટે દરેક શાળામાં ૨ શિક્ષકોની નિયુક્તિ કરવામાં આવશે. 'સારથી પ્રોજેક્ટ' માટે ૧૦૦ શાળાના ૨૦૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે.

# ખંભાળિયામાં માતાશ્રી રમાબાઈ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે મહિલા મેડિકલ કેમ્પ યોજાયો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયામાં માતાશ્રી રામાબાઈ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે મહિલા મેડિકલ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા અને મેડિકલ સેલના સંયુક્ત ઉપક્રમ દ્વારા અહીંની વેદાંત મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ ખાતે માતાશ્રી રમાબાઈ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે યોજવામાં આવેલા મહિલા મેડિકલ કેમ્પમાં વિવિધ રોગના નિષ્ણાંત ડૉક્ટરોની ટીમ દ્વારા ૨૩૦ થી વધુ માતાઓ-બહેનોનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ સાથે ૮૫ જેટલી સગર્ભા મહિલાઓને પોષણયુક્ત આહારની કીટ પણ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ મહામંત્રી યુવરાજસિંહ વાઢેર, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન જીતેન્દ્રભાઈ કણજારીયા, જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચાના પ્રભારી કિરણભાઈ ગડણ, જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ સરસિયા, ધીરુભાઈ ટાકોદરા, ગીતાબેન માંગલીયા, મહેન્દ્રભાઈ મકવાણા, મેડિકલ સેલના સંયોજક ડો. અમિતભાઈ નકુમ, સહ સંયોજક યોગેશભાઈ રાયઠ્ઠા, કરસનભાઈ જોડ, દિનેશભાઈ મકવાણા, ખંભાળિયા નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતીયા, દંડક મયુરભાઈ ધોરીયા, અશોકભાઈ કાનાણી, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, વિગેરે સાથે હોદેદારો અને મોરચાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર સોમનાથ જીલ્લા કલેક્ટરની સીધી દેખરેખ હેઠળ સર્કિટ હાઉસથી સોમનાથ મંદિર રોડ પર સફાઈ અભિયાન યોજાયું

## પ્રભાસતીર્થની પવિત્ર ભૂમિ પર આવતા પ્રવાસીઓ જિલ્લાની સ્વચ્છ છબી લઈને જાય તે પ્રકારની સફાઈ જાળવીએ:



વેરાવળ તા.૯

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સૂત્રને સાર્થક કરતા ગીર સોમનાથ જિલ્લાના કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની સીધી દેખરેખ હેઠળ સર્કિટ હાઉસ થી સોમનાથ મંદિર સુધીના રોડ પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગઈકાલે વહેલી સવારે કલેક્ટરશ્રીના વડપણ હેઠળ સર્કિટ હાઉસ થી સોમનાથ મંદિર રોડ પર સફાઈ કર્મચારીઓએ દરિયાઈ પવનના કારણે રસ્તા પર આવી ગયેલી રેતી, પ્લાસ્ટિકની કોથળીઓ, લાકડાના ઝીણાં ટૂકડાઓ, થર્મોકોલના નકામા ટૂકડાઓ વગેરેની સફાઈ કરી સમગ્ર રોડને ચોખ્ખોચણાક બનાવ્યો હતો.

કલેક્ટરશ્રી દ્વારા રસ્તા પર નડતરરૂપ બાવળ દૂર કરવા, વધી ગયેલી ડાળીઓ કાપવા, પેવર બ્લોકની મરામત તેમજ દૈનિક ધોરણે સફાઈ કામગીરી જાળવવા, કચરો ન કરવા અંગે જાગૃતિ લાવતાં નોટિસબોર્ડ મૂકવા, જ્યાં ત્યાં કચરો ન બાળવા સહિતની સફાઈલક્ષી કામગીરી અંગેની સૂચનાઓ તંત્રના સફાઈ કર્મીઓને આપી હતી. કલેક્ટરે સફાઈ અંગે અનુરોધ કરતા જણાવ્યું હતું કે, પ્રભાસતીર્થ એ પવિત્ર ભૂમિ છે.

અખૂટ ઉર્જાનો અહેસાસ કરાવતી આ સાત્વિક ભૂમિમાં કુદરતી સંપત્તિ એ ઈશ્વરની અમૂલ્ય દેણ છે. તમામ લોકો આ કુદરતી સંપત્તિની જાળવણી કરવામાં તેમજ દૈનિક ધોરણે સ્વચ્છતામાં પોતાનું યોગદાન આપે, જેથી બહારથી આવતા પ્રવાસીઓ પણ ગીર સોમનાથની સારી છાપ લઈને પરત ફરે. આ સફાઈ કામગીરીમાં નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી ચેતન ડુડિયા, સેનિટેશન સમિતિ ચેરમેન શ્રી રાજુભાઈ ગઢિયા, સેનેટરી ઈન્સ્પેક્ટર શ્રી હરદિપસિંહ ખેર, બાબુભાઈ ટિંબાણિયા સહિત મોટી સંખ્યામાં સફાઈ કર્મીઓ જોડાયા હતાં.

## ખેડૂતોને પડ્યા પર પાટૂ જેવી સ્થિતિ ફરી એકવાર પેદા થઈ

# માર્કેટિંગ યાર્ડમાં મરચાંના ભાવમાં જોરદાર ઘટાડો નોંધાયો

રાજકોટ, તા.૯

રાજકોટમાં ફરી એકવાર ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે. ડુંગળી પકવતાં ખેડૂતો બાદ હવે મરચાંના ખેડૂતો રડી રહ્યાં છે. હાલમાં ગોંડલ બાદ રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં મરચાંની મોટા પ્રમાણમાં આવકો થઈ રહી છે, પરંતુ ભાવોમાં ગયા વર્ષ કરતાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે, આ ઘટતા ભાવોને લઈને ખેડૂતોમાં રોષ ફેલાયો છે. આ પહેલા ડુંગળીના ખેડૂતોની સાથે પણ આ જ સ્થિતિ ઉભી થઈ હતી. હાલમાં રાજકોટમાં એક જ દિવસમાં ૧૨,૫૦૦ ભારી કરતાં વધારે મરચાંની આવકો થઈ રહી છે. દેશી મરચા કરતા હવે રાજકોટ અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સાનિયા, રેવા ૭૦૨ મરચાંની પુષ્કળ આવકો થઈ છે. ગયા વર્ષે યાર્ડમાં એક મણ મરચાંના ૫૦૦૦ થી ૬૦૦૦ ભાવ હતા, તે આ વર્ષે ૫૦ ટકા ઘટ્યા છે. હાલમાં ૨૦૦૦ થી ૩૨૦૦ રૂપિયા ખેડૂતોને એક મણના ભાવ મળી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ગોંડલ સહિતના વિસ્તારોમાં મરચાંનું વાવેતર થાય છે. રાજકોટ જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં પણ મરચાંનું વાવેતર છે.

રાજકોટ જિલ્લાના ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાની મબલખ આવક થઈ. મરચાની ૮૫ હજાર ભારીની આવકથી યાર્ડ ઉભરાયું હતું. યાર્ડ બહાર મરચાં ભરેલા ૧૭૦૦ થી ૧૮૦૦ વાહનોની લાંબી કતાર જોવા મળી છે. અમુક ખેડૂતો તો લુપ્ત થતા બળદગાડામાં મરચાં વેચવા માટે યાર્ડમાં આવ્યા હતા. ગગડતી બજાર વચ્ચે હરાજીમાં મરચાંના ૨૦ કિલોના ભાવ એક હજારથી ત્રણ હજાર ૩૦૦ સુધી બોલાયા હતા. અત્યાર સુધીમાં મરચાંના ભાવમાં રૂપિયા બે હજારનો ઘટાડો નોંધાયો છે. ડુંગળીની નિકાસ પર સરકાર દ્વારા પ્રતિબંધ લગાવાતા ખેડૂતોને ભાવ નથી મળી રહ્યા તો બીજી બાજુ ગ્રાહકો લૂંટાઈ રહ્યા છે. ડુંગળીના ભાવ તળિયા આવી જતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે.

# આગામી મહાશિવરાત્રીનો મેળો ભવ્ય રીતે ઉજવવા તડામાર તૈયારી






## ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા શિવરાત્રીના મેળાને લઈ અનેક આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં દર વખતે શિવરાત્રીનો મહામેળો યોજવામાં આવે છે અને ભજન, ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ રચાઈ છે. આ વર્ષે પણ આગામી તા.પ માર્ચ ૨૦૨૪થી તા.૮ માર્ચ ૨૦૨૪ દરમ્યાન મહાશિવરાત્રીનો મેળો પરંપરાગત રીતે યોજાશે અને આ મેળાને ભવ્ય રીતે ઉજવવા તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. સ્થાનિક તંત્ર, જીલ્લા વહિવટી તંત્ર તેમજ ધાર્મિક જગ્યાઓ અને સંતો દ્વારા તૈયારી ચાલી રહી છે. અહીં આવનારા ભાવિકોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તેના માટે વિશેષ પગલાઓ લેવામાં આવનાર છે.

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થ ક્ષેત્રમાં ભવનાથ મહાદેવના સાનિધ્યમાં શિવરાત્રીનો મેળો ભકિતભાવ પુર્વક યોજાઈ છે. આ મેળાની શરૂઆત મહાવદ નોમના દિવસે ભગવાન ભવનાથ મહાદેવને ધ્વજારોહણ કરાયા બાદ થાય છે અને ચાર દિવસ સુધી શિવરાત્રીનો આ મેળો યોજાઈ છે. શિવરાત્રીના દિવસે મધ્ય રાત્રીએ સંતોનું ભવ્ય રવાડી સરઘસ નીકળે છે અને ત્યારબાદ ભવનાથ મહાદેવની મહાપૂજા બાદ શિવરાત્રી મેળાની પુર્ણાહુતી થાય છે. શિવરાત્રી મેળામાં દર વર્ષે લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે. આ વર્ષે પણ ૧૦થી ૧૨ લાખ ભાવિકો મહાશિવરાત્રીના મેળામાં ઉમટી પડે તેવી ધારણા છે. ભાવિકોની સુવિધા માટે અનેક પ્રકારના આયોજનો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ શિવરાત્રીના મેળામાં આવનારા ભાવિકોના માટે પ્રસાદ-ભોજનની વ્યવસ્થા માટે સેવાકીય મંડળો, ઉતારા મંડળો તેમજ સંતો અને ધાર્મિક જગ્યાઓમાં અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવે છે અને લાખોની સંખ્યામાં ઉમટી પડેલા ભાવિકોને પ્રેમથી પ્રસાદ-ભોજન કરાવવામાં આવે છે. સેવાનું પુનિત ભાથ્થુ બાંધવામાં આવે છે. આ ઉપરાંત રાત્રીના સમયે સંતવાણીના ભવ્ય કાર્યક્રમો યોજવામાં આવે છે. આ મેળાના આકર્ષણરૂપ દુર-દુરથી સંતો આ મેળામાં પધારે છે અને આ સંતોના દર્શનનો લ્હાવો લેવા ભાવિકો ઉમટી પડે છે. શિવરાત્રીના દિવસે ભવ્ય રવાડી સરઘસ નીકળે છે અને જેમાં સંતોની રવેડી યોજાઈ છે અને આ રવેડી નિહાળવા માટે પણ માનવ મહેરામણ ઉમટી પડે છે. ભવનાથ તળેટી ખાતે યોજાતા શિવરાત્રી મેળાને મીની કુંભ મેળા પણ જાહેર કરવામાં આવેલ છે. તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સમયકાળમાં અહીં મીની કુંભ મેળો યોજવામાં આવ્યો હતો અને ત્યારથી દર પાંચ વર્ષે શિવરાત્રીના મેળાને મીની કુંભ મેળા તરીકે ઉજવવાનું નક્કી થયું છે. દરમ્યાન આગામી તા.પ માર્ચ ૨૦૨૪થી તા.૮ માર્ચ ૨૦૨૪ સુધી શિવરાત્રીનો મહામેળો યોજાઈ રહ્યો છે ત્યારે અનેક પ્રકારના આયોજનો કરવામાં આવેલ છે. શિવરાત્રીના મેળાને લઈને રવિવારે બપોરે ૪:૩૦ કલાકે ભવનાથ ખાતે આવેલ વસ્ત્રાપાથેશ્વર મહાદેવ મંદિર ખાતે એક બેઠકનું આયોજન પણ થયું છે. જેમાં મેળા અનુસંધાને સનાતની વ્યવસ્થાઓના ભાગરૂપે આ બેઠકમાં ફકત સ્થાપત્ય સાધુ-સંતો અને જુદા-જુદા પ્રબુધ્ધ લોકો અને મેળા સાથે સંકળાયેલા સેવાભાવીઓ સાથે બેઠક યોજવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢ શહેરમાં બાઈક ઉપર ૨ કિલો ગાંજો સાથે નીકળેલા સાધુ સહિત બે વ્યકિતની અટક

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢના જોષીપરાની મુરલીધર સોસાયટીમાં રહેતા જયેશ રામજીભાઈ ઘોંસીયા અને ભવનાથમાં અખાડાની બાજુમાં આવેલ બાલ ભૈરવ કુટીયામાં સેવા પૂજા કરતા સાધુ મુકેશગીરી ગુરૂ રાજનારાયણગીરી જીજે-૧૧-એલએલ-૩૪૯પ નંબરના બાઈક ઉપર ગાંજાનો જથ્થો લઈને ભવનાથમાં ગિરનાર સીડી પાસે આવનાર હોવાની બાતમી મળતા એસઓજીના મહિલા પીએસઆઈ એસ.એ. સોલંકીએ સ્ટાફ સાથે મોડી રાત્રે ભવનાથ ખાતે વોચ ગોઠવી હતી. આ દરમ્યાન બંને ઈસમો ભવનાથ મંદિર તરફના રોડથી ડબલ સવારીમાં બાઈક ઉપર આવતાની સાથે બંનેને રોકી તલાશી લેતા જયશે ઘોંસીયાની પાછળ બઈક ઉપર સવાર મુકેશગીરી પાસેના થેલામાંથી રૂપિયા ૨૦,૨૭૦ની કિંમતનો ૨ કિલો ગાંજો મળી આવતા બંનેની ધરપકડ કરવામાં આવી હતી અને ગાંજો ઉપરાંત મોબાઈલ ફોન અને બાઈક મળી કુલ રૂપિયા ૪પ૭૦નો મુદ્દામાલ કબજે લઈ સાધુ અને ઈસમ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. વધુ તપાસ ભવનાથના મહિલા પીએસઆઈ એન.વી. આંબલીયા ચલાવી રહ્યા છે.

## કેશોદ પંથકમાં જુની બડોદર વાળી ગાળીના સીમ વિસ્તારમાં રૂા.૪પ,૧૪૦ના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

કેશોદના દેવાણીનગર-૧, વેરાવળ રોડ ઉપર રહેતા યુવરાજભાઈ બાલુભાઈ ગરચર(ઉ.વ.૩૦)એ આ કામના આરોપી રમણીકભાઈ હુંમર રહે.કેશોદ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તા.૨૮-૧૨-૨૦૨૩ કલાક ૭ સુધીના સમયગાળા દરમ્યાન અલગ-અલગ સમયે બનેલા બનાવમાં જુની બડોદર વાળી ગાળી સીમ વિસ્તારમાંથી આરોપીએ ફરિયાદી તથા સાહેદોના ખેતરમાં ખુલ્લી જગ્યામાંથી પટ્ટી કેબલ ૮૩૦ ફુટ રૂા.૨૭,૩૯૦ની કિંમત તથા ફુવારીની લાઈટ ૧૮ જેની કિ.રૂા.૯ હજાર તથા ફુવારા માટેના લોખંડના સ્ટેન્ડ સહિત ચકલા નંગ-૧પ જેની કિ.રૂા.૮૨પ૦ તથા લોખંડની ઓરણીના લોખંડના પાઈપ જેની કિ.રૂા.પ૦૦ મળી કુલ રૂા.૪પ,૧૪૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## આગામી શિવરાત્રી મેળામાં ઈલેકટ્રીક બસ ચલાવવા સહિતના સુચનો કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢના ભવનાથ ખાતે પ માર્ચથી ૮ માર્ચ સુધી મહા શિવરાત્રીનો મેળો યોજાવાનો છે. ત્યારે આ મેળાને લઈને જે મિટીંગ થતી હોય છે તે માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના પૂર્વ ડિરેકટર યોગેન્દ્રસિંહ પઢિયારે કલેકટરને પત્ર પાઠવી કેટલાક સુચનો કર્યા છે.

પત્રમાં જણાવાયું છે કે, મેળામાં પર્યાવરણનો ધ્યાનો લઈનો ઈલેકટ્રીક બસ ચલાવવીજોઈએ. ઉતારા અને સામાજીક સંસ્થાને જે જગ્યાએ ઉતારા ફાળવાય છે તે જગ્યાએ જ આ વર્ષે પણ ફાળવણી કરવી જોઈએ. ઉતારાઓમાં લાઈટ, પાણી, ગટરના કનેકશનો સમયસર આપવા, વન વિસ્તારમાં ૧૦૦થી વધુ ઉતારા પડે છે તેમને પણ આ વર્ષે યોગ્ય જગ્યા આપવી, મેળામાં જે સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે તેમાં સ્થાનિક કલાકારોને અગ્રતા આપવી, ભવનાથ મંદિર અને અન્ય અખાડાને લાઈટ, પાણી અને મંડપ સહિતની સુવિધા પુરી પાડવી, જૂનાગઢ શહેરમાં રવેડીનું લાઈવ પ્રસારણ થાય તેવી વ્યવસ્થા કરવી, વધુ રેલવે અને એસટી બસ દોડાવવી, ભવનાથના મુખ્ય પોઈન્ટ ઉપર એવા અધિકારીને ફરજ સોંપવી જે પહેલા જૂનાગઢમાં ફરજ બજાવી ગયા હોય, ઉતારા ધારકો પાસેથી ઉઘરાવાતા સફાઈ, પાણીના વેરા આ વર્ષે ન ઉઘરાવવા, ગિરનાર પર્વત ઉપરની બંધ લાઈટો સત્વે શરૂ કરવી, દામોદર કુંડ પાસેની ત્રિકોણ જગ્યામાં અસ્થાયી પોલીસ સ્ટેશન બનાવવું, જુદી જુદી કંપનીઓને ભવનાથમાં કામચલાઉ મોબાઈલ ટાવર ઉભા કરે જેથી મોબાઈલ સેવા મળી રહે તેમજ વહિવટી તંત્ર અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સંયુકત ઉપક્રમે ૪ દિવસ સાંસ્કૃતિક કાર્યક્રમ, લોકડાયરો થાય છે તેમાં ઉદઘાટનમાં સોરઠના ધાર્મિક સંતો જેવા કે, મુકતાનંદ બાપુ, તનસુખગીરી બાપુ, હરિહરાનંદ બાપુ, શૈલજા માતાજી, મહાદેવગીરી બાપુ વગેરેને બોલાવી તેમની પાસે પ્રાસંગિક ધાર્મિક પ્રવચન ગોઠવવા જોઈએ. આમ, મહાશિવરાત્રી મેળાને લઈને વહિવટી તંત્ર દ્વારા થનારી મિટીંગમાં આ સુચનોને પણ ધ્યાને લેવા રજુઆત કરાઈ છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ જીલ્લા દ્વારા પ્રથમ રૂદ્રાભિષેકનો કાર્યક્રમ યોજાયો

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૯

સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત જૂનાગઢ જિલ્લા દ્વારા દર મહિને શિવરાત્રી રૂદ્રાભિષેક સંકલ્પ કરાયો છે જે અંતર્ગત પ્રથમ રૂદ્રાભિષેકનો કાર્યક્રમ વિશ્વેશ્વર મહાદેવ મંદિર ભવનાથ ખાતે સંપન્ન થયો છે. જેમાં જીલ્લા પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, શૈલેશ ભાઈ રવૈયા, મહીલા પ્રમુખ રૂપલબેન લખલાણી, જીલ્લા યુવા પ્રમુખ રવિભાઈ ઠાકર, જીલ્લા મહામંત્રી કિરણભાઈ પુરોહિત, પૂર્વ ધારાસભ્ય અને બ્રહ્મ અગ્રણી ભીખાભાઈ જોશી, ભરતભાઈ લખલાણી, મહાનગર બ્રહ્મ સમાજ પૂર્વ પ્રમુખ શ્રી પ્રફુલભાઈ જોશી, મયુર ભાઈ પુરોહિત કોર્પોરેટર પલ્લવીબેન ઠાકર, હિતેશભાઈ ઉદાણી, પૂર્વ કોર્પોરેટર ભુપતભાઈ શેઠિયા, સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીતભાઈ ઉપાધ્યાય તેમજ જીલ્લા - મહાનગર બ્રહ્મ સમાજના ઉપ પ્રમુખો, મંત્રીઓ, ખજાનચી, તેમજ જીલ્લા - મહાનગર મહિલા પાંખ,યુવા પાંખના પ્રમુખ-મહામંત્રી સહિત હોદેદારો, મીડિયા સેલ તથા પત્રકાર મિત્રો સહિત સનાતન ધર્મ પ્રેમી શિવ ભકતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકાધીશ જગતમંદિરમાં એક સાથે નવ મનોરથો યોજાયા




(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૯

દ્વારકાધીશ જગતમંદિરમાં આજરોજ મનોરથની હારમાળા સમાન એક જ દિવસમાં નવ મનોરથો યોજવામાં આવ્યા હતા. વારાદાર પુજારી જયેશભાઈ દ્વારા ઠાકોરજીની મંગલા આરતી સમયે જ માખણ મીસરી ભોગ, સુકામેવા મનોરથ, બીડા ભોગ તેમજ(સામગ્રી)મંગલા ભોગ તેમજ ઉત્થાપન સમયે કુંડલા ભોગ તથા અન્નકોટ તેમજ સંધ્યા આરતી સમયે સુકામેવા મનોરથ સુધીમાં અન્ય ત્રણ મળી એક જ દિવસમાં નવ મનોરથ દ્વારકાધીશના યજમાન પદે યોજવામાં આવ્યા હતા. દિવસ દરમ્યાન યોજાયેલ નવ મનોરથનો લાભ બહોળી સંખ્યામાં ભાવિકોએ વિવિધ માધ્યમોથી લીધો હતો.

## ગિરનાર ઉપર ૧૦ ડીગ્રી તાપમાન સાથે જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ગુલાબી ઠંડીનું મોજુ

જૂનાગઢ તા. ૯


જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ગુલાબી ઠંડીનું મોજુ પ્રસરી ગયું છે. અને જનજીવન પ્રભાવિત બન્યું છે. જાન્યુઆરી માસની શરૂઆત સાથે જ તાપમાનનાં પારામાં વધઘટ થતી રહેવાનાં કારણે ઠંડીમાં વધારો અને ઘટાડો નોંધાતો હોય છે. દરમ્યાન મંગળવારથી સવારે અને સાંજનાં સમયે ઠંડીનું પ્રમાણ રહયું છે. અને બપોરનાં ગરમીનું વાતાવરણ સર્જાયું હતું. દરમ્યાન જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આજથી ફરી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો હોય તેમ લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતર્યો છે. અને ઠંડક પ્રસરી ગઈ છે. તાપમાનમાં ધરખમ ઘટાડો થતાં ગિરનાર ઉપર ૧૦ ડીગ્રી ઠંડી નોંધાઈ છે. ગઈકાલે ગુરૂવારે જૂનાગઢમાં લઘુતમ તાપમાન ૨૧.૧ ડીગ્રી નોંધાયા બાદ આજે સવારે તાપમાનનો પારો ૬ ડીગ્રી નીચે ઉતરીને ૧પ ડીગ્રીએ સ્થિર થયો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધીને ૭૭ ટકા થઈ જતાં ઠંડીની અસર બેવડાઈ છે. આ ઉપરાંત સવારે પવનની ગતિ પ્રતિ કલાકની પ.૮ કિમીની રહી હતી. આગામી ૧પ ફેબ્રુઆરી સુધી સોરઠમાં ગુલાબી ઠંડી રહેશે.


સ્પે. ૨જબનો રોટ
માત્ર રૂા. ૨૪૦/-નો કિલો
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩પ૩


માત્ર જુજ ફલેટ બાકી
Shaligram PRIME
3&2 BHK Premium Apartments
Project by : Shaligram Developers
Booking Contact 90338 04936 70166 47744
Bansi Township, Nr. Saibaba Temple, Madhuram, Junagadh.
Rera No.:PR/GJ/JUNAGADH/JUNAGADH CITY/Junagadh Municipal Corporation/RN24AA09924/120522

ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી
ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફ્ટ, રોડ ફેસિંગ,
૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં.
CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે
સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
શુદ્ધતા નો સ્વાદ એટલે
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MILL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ